Thursday 10, April 2025
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિદ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૨૮૨ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## સેલવાસ પાલિકા દ્વારા ગેરકાયદે દબાણ હટાવવાની કાર્યવાહી શરૂ

### સેલવાસના કિલવણી નાકાથી દબાણ હટાવવાની કાર્યવાહી શરૂ કરાઈ જે સમગ્ર પાલિકા હદ વિસ્તારમાં કરાશે





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સેલવાસ, તા.૦૯ :** સિલવાસા નગરપાલિકા દ્વારા મંગળવારે શહેરના વિવિધ વિસ્તારોમાં થયેલા અનધિકૃત અતિક્રમણ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કિલવણી નાકા વિસ્તારથી શરૂ થયેલી આ કાર્યવાહી આખા નગરપાલિકા વિસ્તારમાં ચલાવવામાં આવી હતી.

નગરપાલિકા દ્વારા અગાઉ જાહેર સૂચના આપીને શહેરજનોને સાવધાન કરવામાં આવ્યા હતાં કે તેઓ રસ્તાના ધાર કે જાહેર જગ્યાઓ પર કોઈપણ પ્રકારનું અનધિકૃત બાંધકામ કે અતિક્રમણ કરે અને અતિશય અનુરોધ છતાંય કોઈએ પોતાનું અતિક્રમણ દૂર ન કરતાં નગરપાલિકા દ્વારા મંગળવારે કડક પગલાં લેવામાં આવ્યા હતાં.

આ કાર્યવાહી દરમિયાન કિલવણી નાકા, આમલી, સમરવાણી રોડ, રખોલી, દાદરા માર્ગસહિતના વિસ્તારોમાં રસ્તાની ધાર ઉપર થયેલા ટિનશેડ, થપ્પેલા છાપરાં, સ્ટોલ્સ અને અન્ય અવ્યવસ્થિત ઢાંચાઓને દૂર કરવામાં આવ્યા હતાં. કાર્યવાહી દરમિયાન નગરપાલિકા અધિકારીઓ, કાફલાના કર્મચારીઓ તથા પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. કેટલાક વિસ્તારોમાં પ્રારંભિક વિરુધ્ધાભાસ જોવા મળ્યો હતો. જોકે પાલિકા તંત્રએ કડક ભૂમિકા અપનાવી કોઈપણ અડચણ વગર કામગીરી પૂર્ણ કરી હતી. પાલિકા તંત્રએ જાણ કર્યુ છે કે જાહેર જગ્યાઓ પર અતિક્રમણને લઈને હવે બિલકુલ શિથિલતા દાખવવામાં આવશે. શહેરની વ્યવસ્થા અને સૌંદર્યમાં ખલેલ પાડતી દરેક પ્રકારની ગેરકાયદેસર રચનાઓ સામે આવી રીતે કાર્યવાહી ચાલુ રહેશે. નાગરિકોને પણ અપીલ કરાઈ છે કે તેઓ પોતે જ પોતાનું અતિક્રમણ હટાવી નગરની શોભામાં સહભાગી બને.

## વલસાડ જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળનું કલેકટરને પડતર મુદ્દે આવેદનપત્ર




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા.૦૯ :** મહેસુલી વિભાગના કર્મચારીઓને લાંબા સમયથી પડતર માંગણીઓ અંગે આજરોજ વલસાડ જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગણી કરી છે.

વલસાડ જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળે આજરોજ વલસાડ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી કે વિભાગના કર્મચારીઓની લાંબા સમયથી પડતર માંગણીઓમાં નાયબ મામલતદાર સંવર્ગની પ્રવરતા યાદીનો મુદ્દો મહત્વનો છે. છેલ્લા ૮ વર્ષથી આ યાદી અપડેટ થઈ નથી. જૂન ૨૦૧૭માં પ્રસિદ્ધ થયેલી યાદીમાં રહેલી ક્ષતિઓ અને વાંધાઓનું નિરાકરણ હજુ સુધી થયું નથી.

કર્મચારીઓની જિલ્લા ફેર બદલીની અરજીઓનો ઝડપી નિકાલ લાવવાની માંગ અને મંડળે ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે પારદર્શક પદ્ધતિ અપનાવવાની તથા કલેક્ટર કક્ષાએથી એનઓસી મેળવવાની પ્રથા બંધ કરવાની પણ માંગ છે. કારકુનથી નાયબ મામલતદારના પ્રમોશનની પ્રક્રિયા હાલમાં ચાલુ છે. ૨૦૧૫માં નિમણૂક પામેલા તમામ કારકુનોને એક સાથે પ્રમોશન આપવાની માગ અને ગત ૧૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ મહેસૂલી મહામંડળે અધિક મુખ્ય સચિવને આવેદનપત્ર આપી રૂબરૂ મુલાકાત પણ લેવામાં આવી હતી. પરંતુ હકારાત્મક નિરાકરણને બદલે કેટલાક નાયબ મામલતદારોની માંગણી કે મંજૂરી વગર તેમની દૂરના જિલ્લાઓમાં બદલી કરવામાં આવી છે. આ હુકમના કારણે આ કર્મચારીઓના સામાજીક તેમજ પારિવારીક જીવન પર વિપરીત અસર થાય તેમ છે. મહિલા કર્મચારીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ છે. જેથી મહેસુલી કર્મચારીઓમાં નારાજગી જોવા મળે છે. મહેસુલી કર્મચારીઓની પડતર માંગણીઓ પરત્વે સરકાર દ્વારા દિન-૧૦માં હકારત્મક નિકાલ કરવામાં નહી આવે તો જિલ્લામાં મહેસુલી કર્મચારીઓ દ્વારા કાળી પટ્ટી ધારણ કરવી, માસ સીએલ અને હડતાલ જેવા કાર્યક્રમો કરવાની ચીમકી ઉચ્ચારી છે.

## બીલીમોરાનાં અનાવિલ યુવાનની ઓસ્ટ્રેલિયામાં રૂમ પાર્ટનરે ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૯ :** બીલીમોરાના અનાવિલ યુવકની ઓસ્ટ્રેલિયા દેશમાં મંગળવાર રાત્રે રૂમ પાર્ટનરએ નજીવી બાબતએ ચપ્પુનાં ઘા ઝીંકી હત્યા નિપજાવતા ચકચાર મચી હતી. મૃતદેહને વતન લાવવાની કાર્યવાહી ઓસ્ટ્રેલિયા સ્થિત ભારતીય સમાજ દ્વારા હાથ ધરાઈ હોવાના સમાચાર પ્રાપ્ત થયા હતાં.

ચીખલી તાલુકાના દેગામ ગામના વતની અને બીલીમોરા આઈટીઆઈ પાછળ યમુના નગર સોસાયટીમાં વર્ષોવર્ષથી રહેતા મિહિરભાઈ મુકેશભાઈ દેસાઈ (૩૭) એક દાયકા અગાઉ ઓસ્ટ્રેલિયા ગયો હતો. જ્યાં પત્ની સાથે છૂટાછેડા બાદ એકલો જ રહેતો હતો. બીજી તરફ પરિવારમાં પિતા મુકેશભાઈનું નિધન થતાં બીલીમોરામાં માતા માયાબેન એકલા જ રહે છે. જ્યારે બહેન પાયલ લગ્ન બાદ વીતેલા ત્રણેક વર્ષોથી જર્મની દેશમાં વસવાટ કરે છે. પ્રાપ્ત માહિતી અનુસાર મિહીર દેસાઈ ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં બરવુડ નામના ગામમાં રહેતો હતો. જ્યાં ચારેક મિત્રો ભાડાનાં મકાનમાં રહેતા હતાં. દરમ્યાન મંગળવારે રાત્રે મિત્રો પાર્ટી કરી રહ્યા હતાં. જેમાં કોઈક વાતે રૂમ પાર્ટનર પંજાબી મિત્ર સાથે બોલાચાલી થઈ હોવાનું કહેવાય છે અને વાતનું વતેસર વાત વણસી હતી. જેને પગલે ઉશ્કેરાયેલા પંજાબી યુવકે ચપ્પુના ઘા ઝીંકી દેતા મિહીર દેસાઈનું કરુણ મોત નિપજ્યું હતું. જેમાં ઓસ્ટ્રેલિયન પોલીસે આરોપી યુવકની ધરપકડ કરી હતી. જોકે બીલીમોરામાં મિહીરના માતા એકલા રહેતા હોવાથી જાણ કરાઈ નથી. બીજી તરફ જર્મની દેશથી મિહીરના બેન-બનેવી વતન બીલીમોરા આવવા નીકળી ગયા હોવાનું જાણવા મળે છે. ઓસ્ટ્રેલિયામાં વસવાટ કરતા ભારતીય સમાજ એ મિહિરના મૃતદેહને વતન લાવવાની કાર્યવાહી હાથ ધરી હોવાની જાણકારી પ્રાપ્ત થઈ છે.


### આજે મહાવીર જ્યંતિ

## દમણમાં ચિકન, મટન અને દારૂની દુકાનો બંધ રહેશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**દમણ, તા.૦૯ :** મહાવીર જયંતિ પર દારૂની દુકાનો અને કતલખાના બંધ રહેશે. એક આદેશમાં, ડેપ્યુટી કલેક્ટર પ્રિયાંશુ સિંહે જણાવ્યું હતું કે જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થા જાળવવા અને સામાન્ય લોકોની ધાર્મિક લાગણીઓને ઠેસ ન પહોંચે તે માટે, ૧૦ એપ્રિલ, ૨૦૨૫ના રોજ મહાવીર જયંતિ નિમિત્તે તમામ ચિકન, મટન, માછલીની દુકાનો અને કતલખાનાઓ ૦૧ (એક) દિવસ માટે બંધ રહેશે. આ સાથે, દારૂની દુકાનો પણ બંધ રહેશે.

## બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ૭૦ મીટરનો 'મેક ઈન ઈન્ડિયા સ્ટીલનો પુલ લોન્ચ કરાયો

### ૧૦,૦૦૦ મેટ્રિક ટનથી વધુ સ્ટીલથી બનેલ સાત સ્ટીલના પુલ લોન્ચ કરવામાં આવ્યા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા.૦૯ :** ૮ એપ્રિલ ૨૦૨૫ના રોજ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે વડોદરા, ગુજરાત નજીક બે ડીએફસીસીઆઈએલ ટ્રેક પર ૭૦ મીટર લાંબા સ્ટીલના પુલ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા છે. સમગ્ર કોરિડોર માટે આયોજિત ૨૮ સ્ટીલ પુલોમાંથી, ગુજરાતમાં આ પ્રોજેક્ટ માટે પૂર્ણ થયેલો આ સાતમો સ્ટીલ પુલ છે. આ સાત સ્ટીલ પુલોના નિર્માણમાં ૧૦,૦૦૦ મેટ્રિક ટનથી વધુ સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે ભારતમાં સ્ટીલ ઉદ્યોગને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે.૧૩ મીટર ઊંચો અને ૧૪ મીટર પહોળો ૬૭૪ મેટ્રિક ટનનો સ્ટીલ બ્રિજ કોલકાતાના દુર્ગાપુરમાં વર્કશોપમાં બનાવવામાં આવ્યો હતો અને તેને ઈન્સ્ટોલેશન માટે ટ્રેલર પર સ્થળ પર લઈ જવામાં આવ્યો હતો. આ પુલ ૪૯-મીટર લાંબા લોન્ચિંગ નોઝનો ઉપયોગ કરીને શરૂ કરવામાં આવે છે. જેનું વજન આશરે ૨૦૪ મેટ્રિક ટન છે. પુલના ફેબ્રિકેશનમાં લગભગ ૨૮,૮૦૦ નંગ ટોર-શિયર પ્રકારના હાઈ સ્ટ્રેન્થ (ટીટીએચએસ) બોલ્ટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં સીપ5 સિસ્ટમ પેઈન્ટિંગ અને ઈલાસ્ટોમેરિક બેરિંગ્સ પણ છે. જે ૧૦૦ વર્ષના જીવનકાળ માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે. આ સ્ટીલનો પુલ સાઈટ પર ૧૮ મીટર ઊંચાઈએ ભૂમિથી એસેમ્બલ કરવામાં આવ્યો હતો. તેમજ તાત્કાલિક ટ્રેસટલેસ પર અને સ્વચાલિત મકેનિઝમથી ૨ અર્ધ-સ્વચાલિત જેક્સ (દરેકની ક્ષમતા ૨૫૦ ટન)નો ઉપયોગ કરીને મેક-અલોય બાર દ્વારા ખેંચવામાં આવ્યો છે. DFCC ટ્રેક પર સમયાંતરે બ્લોક્સ સાથે લોન્ચ ૧૨ કલાકમાં પૂર્ણ થયું. પુલ લોન્ચિંગની સલામતી અને ચોકસાઈ સુનિશ્ચિત કરવા માટે ટ્રાફિક બ્લોક્સ જરૂરી છે, જે માલવાહક સેવાઓમાં વિક્ષેપ ઘટાડવા માટે તબક્કાવાર રીતે કરવામાં આવે છે.

## વલસાડ જિલ્લાના કલેકટર તરીકે ભવ્ય વર્માની નિમણુંક



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, વલસાડ, તા.૦૯ :** વલસાડ જિલ્લાના કલેકટર તરીકે ૨૦૧૬ની બેચના આઈએએસ અધિકારી ભવ્ય વર્માને જવાબદારી સોંપાય તેવો મિશન ડાયરેક્ટર સ્વસ્થ ભારત ગાંધીનગરમાં ફરજ બજાવતા હતાં.


પ્રાપ્ત વિગત મુજબ વલસાડ જિલ્લાના કલેક્ટર એન.એન. દવેની નિવૃત્તિ બાદ ઈન્ચાર્જ કલેક્ટર તરીકે અનુરાગ ચેપ્લોટને જવાબદારી સોંપવામાં આવી હતી. ત્યારબાદ આજે રાજ્યના ૧૬ જેટલા આઈએએસ અધિકારીની આંતરિક બદલી કરવામાં આવી છે. જેમાં વલસાડ જિલ્લાના કલેક્ટર તરીકે ૨૦૧૬ની બેચના આઈએસ અધિકારી ભવ્ય વર્માને મૂકવામાં આવ્યા છે. ભવ્ય વર્મા અગાઉ ગાંધીનગર ખાતે મિશન ડાયરેકટર સ્વચ્છ ભારત અભિયાનમાં ફરજ બજાવતા હતાં.

વલસાડ જિલ્લા કલેકટર તરીકે નૈમેશ દવે છેલ્લા ૮ મહિના થી વધુ વલસાડ જિલ્લા કલેકટર તરીકે સેવા આપી રહ્યા હતા. કલેકટર નૈમેશ દવે તારીખ ૨૯/૩/૨૦૨૫ના રોજ વય મર્યાદા ને લઈ ને નિવૃત્ત થયા હતાં. જિલ્લા કલેકટર નૈમેશ દવે નિવૃત્ત થતા તેમનો વિદાય સમારંભ સાદગીમાં રેવન્યુ ડિપાર્ટમેન્ટ તેમજ અન્ય કર્મચારીઓ અધિકારીઓ મળીને શુભેચ્છા પાઠવી હતી.

## ચીખલી રેફરલમાં ૧.૬૪ કરોડની થયેલી ગેરરીતિનાં આરોપીની ધરપકડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીખલી, તા.૯ :** નવસારી જિલ્લાના ચીખલી ખાતે આવેલ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં આઉટર્સોસિંગ કર્મચારી તરીકે ફરજ બજાવતા સતીશ ભોયા દ્વારા રૂપિયા ૧,૬૪,૫૬,૨૩૧ની ઉચાપતની ઘટનામાં નોંધાયેલ પોલીસ ફરિયાદ બાદ પોલીસે આરોપી સતિષ ભોયાની ધરપકડ કરી છે. ત્યારે સતીશ ભોયા સમગ્ર ઘટનામાં પોલીસને કેવો સહકાર આપે એ તો પોલીસ તપાસ દરમિયાન જ બહાર આવવા પામશે.

ચીખલી ખાતે આવેલ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં છેલ્લા દસેક વર્ષથી આઉટર્સોસિંગ કર્મચારી તરીકે ફરજ બજાવતા સતિષ છના ભોયા ઉ.વ. ૩૨ રહે. માંડવખડક સીંગડ વેરી ફળિયા તા. ચીખલી જે સામાન્ય પગારમાં નોકરી કરતો હોય જેના દ્વારા માતબર રકમની ગેરરીતી આચરવામાં આવેલ હોય ત્યારે ચીખલી પોલીસ દ્વારા આરોપીના રિમાન્ડ દરમિયાન કેવી અને કેટલી સત્ય હકીકતો બહાર આવશે કે કેમ ? સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલમાં ખોટા બીલો તેમજ વિવિધ તરકીબો અજમાવીને રૂા. ૧,૬૪,૫૬,૨૩૧ જેટલી માતબર રકમની ગેરરેટીમાં માત્ર સતીશ ભોયા જ સામેલ છે કે હોસ્પિટલના અન્ય તબીબો કે કર્મચારીઓનો પણ આ ગેરરીતી આચરવામાં હાથ છે ? સમગ્ર નવસારી જિલ્લામાં ભારે ચકચાર મચાવનાર આ ઘટનાએ તબીબી આલમમાં પણ ભારે ઉત્કંઠા જગાવી છે.




દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન
કરવા માટે
વેબસાઈટની
મુલાકાત લો
www.damangangatimes.com

### પશ્ચિમ રેલ્વેની વડી કચેરીએ સાંસદ ઉમેશ પટેલે કરેલ રજૂઆત

## વાપી અને જિલ્લાના રેલ્વે સ્ટેશનો ઉપર મુસાફરો માટે સુવિધા વધારવાની માંગ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૦૯ :** મુંબઈમાં પશ્ચિમ રેલવેની મુખ્ય કચેરીમાં દમણ-દીવના સાંસદ ઉમેશભાઈ પટેલ દ્વારા ઉમરગામથી વલસાડ ડુંગરી સુધીના રેલ્વે સ્ટેશન ઉપર મુસાફરો માટે જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવા તથા સંઘ પ્રદેશ અને વાપી, ઉમરગામ, સરીગામની જીઆઈડીસીમાંથી બનતો માલસામાન ખાનગી ટ્રાન્સપોર્ટમાં નહીં પરંતુ રેલવેની માલવાહક ટ્રેનમાં લાવવા લઈ જવા બુકિંગ કરાવી રેલવેની આવક વધારવાની રજૂઆત કરાય છે.

વાપી રેલવે સ્ટેશનને સમગ્ર દેશમાં અમૃત યોજના અંતર્ગત નવા બનાવવાની તથા મુસાફરોને માટે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સુવિધાઓ કરાઈ રહી છે. પરંતુ વાપી રેલવે સ્ટેશનએ અમૃત યોજના અંતર્ગતની જાહેરાત કરાવવા હોવા છતાં આજ સુધી કામગીરી ખૂબ જ ધીમીગતિએ તેમજ નહિવત કરવામાં આવી રહી છે. જેને લઈ વાપી રેલવે સ્ટેશનને વૃદ્ધ અને અપંગ મુસાફરોને આવવા જવા માટે શરૂ કરવામાં આવેલ એક્સપ્લે લેટરની સુવિધા બરોબર ચાલતી નથી તેમ જ વાપી રેલવે સ્ટેશનએ કમ્પાઉન્ડ વોલ પણ બનાવવામાં નથી આવ્યા તથા પ્લેટફોર્મ ઉપર ડિસ્પ્લે બોર્ડની સુવિધા પણ નથી જ્યારે વાપી રેલવે સ્ટેશન સુરત બાદ સૌથી વધુ રેવન્યુ આપતું રેલવે સ્ટેશન હોવા છતાં અને આ રેલવે સ્ટેશનને વાપી તથા સંઘ પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીના લોકો માટે ખૂબ જ જરૂરી અને એક મહત્વનું રેલવે સ્ટેશન છે તેને જોઈ તાત્કાલિક વાપી રેલવે સ્ટેશનને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે તેમજ વલસાડ જિલ્લા ના ઉમરગામથી વલસાડ ડુંગરી સુધીના તમામ રેલવે સ્ટેશન ઉપર મુસાફરોને તકલીફ ન પડે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવાની માંગ પશ્ચિમ રેલવેની મુંબઈ ખાતે આવેલ મુખ્ય કચેરીમાં મળેલ રેલવે કમિટીની બેઠકમાં ઉપરોક્ત પ્રશ્ન દમણ - દીવના સાંસદ ઉમેશભાઈ પટેલ દ્વારા કરાયો છે. જોકે રેલવેમાં મુસાફરો માટે રિઝર્વેશન ટિકિટ અને અન્ય સુવિધા પણ તાત્કાલિક શરૂ કરવા માટે રેલવે મંત્રીને પણ દિલ્હી ખાતે રજૂઆત કરવાની તૈયારી સંસદ ઉમેશભાઈ પટેલ દ્વારા કરાઈ રહી છે.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


## વાંસદા-આંબાબારી-શિવકથામાં ઉજવાયો શિવ-પાર્વતી વિવાહ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૦૯ :** વાંસદા તા.ના આંબાબારી અંબામાતા મંદિર ખાતે ખેરગામના પ્રસિદ્ધ કથાકાર ભાસ્કરભાઈ દવેની શિવકથા ભારે આનંદ ઉમંગ અને હર હર મહાદેવ ના નાદ સાથે શિવપાર્વતી વિવાહોત્સવની ઉજવણી સાથે થઈ છે. પંકજભાઈ પટેલ ભગવાન શિવની જાન લાવ્યા, પાર્વતીજીના પક્ષે શૈલેષભાઈ પટેલ પરિવારે કન્યાદાન કર્યુ હતુ. વ્યાસપીઠ પરથી કથાકાર ભાસ્કરભાઈ દવે જણાવ્યું હતુ કે શિવ શબ્દ નો અર્થ થાય છે કલ્યાણ. શિવ અને પાર્વતી એ સંસાર ના માતા પિતા છે. પાર્વતી જી શ્રદ્ધા છે જયારે શિવ વિશ્વાસ છે. પવિત્ર ચૈત્ર માસ મા કથા ના આયોજનથી આંબાબારી પ્રદેશ ભક્તિભાવમય બન્યો છે. પ્રસાદ કીર્તન અને કથા શ્રવણનો ત્રિવેણી સંગમ આંબાબારીમા જોવા મળે છે. કાસમભાઈ, ગામપરિવાર તથા નવદુર્ગા યુવક મંડળ મહિલા મંડળ ભારે જેહમત ઉઠાવી રહ્યા છે.અનેક ભક્તો ધર્મલાભ મેળવી રહ્યા છે.

## ધનોરીમાં શનિવારે શ્રી હનુમાનજી જન્મોત્સવ ઉજવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** શ્રી લાલજી મંદિર, ધનોરીમાં વર્ષો પુરાણી હનુમાનજીની મૂર્તિ બિરાજમાન છે. આગામી તા.૧૨-૦૪ને શનિવારના રોજ ચૈત્રી પૂનમે હિન્દુ સનાતન સંસ્કૃતિ મુજબ હનુમાન જન્મોત્સવ દિવસ છે. શ્રી. લાલજી મંદિરમાં સનાતન હિન્દુઓની આસ્થાને ઉજાગર કરતા હનુમાન જન્મોત્સવનો ઉત્સવ ઉજવણીનું આયોજન કરેલ છે. આ પવિત્ર ઉત્સવમાં હિન્દુ ધર્મ પ્રેમીઓ ને ભાગ લઈ ઉત્સવની ઉજવણી કરવા ભાવભીનું આમંત્રણ છે, જેમાં હનુમાન હવન બપોરે ત્રણ કલાકે



અને મહાઆરતી બાદમાં સાંજે ૬ કલાકે મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવશે. એમ ગ્રામ સમસ્ત દેવસ્થાન પંચ, ધનોરી જણાવે છે.

## ગણદેવીના કોથામાં શ્રી સિકોતર માતાજીના મંદિરની સાલગીરી ઉજવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૦૯ :** ગણદેવી તાલુકાના કોથા ગામે પૌરાણિક શ્રી સિકોતર માતાજીના મંદિરે ચૈત્ર સુદ અગિયારસ ના મંગળવારે ૧૮મી સાલગીરી ની ઉજવણી કરવામાં આવી હતી.સેંકડો માઈભક્તોની હાજરી માં નવચંડી યજ્ઞ, મહાપ્રસાદ, રાસ ગરબા સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમો ની રમઝટ જામી હતી.

ગણદેવી તાલુકાના કોથા ગામે પ્રાચીનકાળ થી શ્રી સિકોતર માતાજી, શ્રી ખોડિયાર માતાજી




અને શ્રી દેવી માતાજી બિરાજમાન છે. જે માઈભક્તો માટે આસ્થાનું કેન્દ્ર છે. આઈ શ્રી સિકોતર ઉત્સવ સમિતિ દ્વારા ૧૮મી સાલગીરી ની શ્રધ્ધાપુર્ણ ઉજવણી કરાઇ હતી. જેમાં સેંકડો ભક્તોએ પૂજા હવન મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યકમો અને રાત્રે રાસ ગરબાની રમઝટ ના સથવારે ભક્તજનો માતાજી ની ભક્તિમાં લીન બન્યા હતા. કોથા આઈ શ્રી સિકોતર ઉત્સવ સમિતિ એ સૌ દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## તલગાજરડા ખાતે મોરારિબાપુના સાન્નિધ્યમાં ત્રિદિવસીય હનુમાન જન્મોત્સવ ઉજવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** પૂજ્ય મોરારીબાપુની પ્રેરણા-માર્ગદર્શન સાથે મોરારીબાપુ ના ગામ તલગાજરડાના શ્રીતીર્થ ચિત્રકૂટ ધામ ખાતે હનુમાનદાદાને સંગીતમય નૃત્યાંજલી અર્પણ કરીને હનુમંત જન્મોત્સવ-૨૦૨૫ ની ભક્તિ ભાવથી ઉજવણી કરવામાં આવશે. ત્રણ દિવસીય તા. ૧૦થી૧૨ એપ્રિલ, (ગુરુ થી શનિ) ના રોજ આ સંગીતોત્સવ ઉજવાશે.

છેલ્લા પચાસ વર્ષથી લગાતાર અહીં હનુમાનજી મહારાજના જન્મોત્સવ અંતર્ગત વિશેષ સંગીતાંજલિ, નૃત્યાંજલિ અર્પણ કરવામાં આવે છે. સંગીત મહોત્સવ-૨૦૨૫મા ગુરુવારે પં. જયતીર્થ મેવુન્ડી (કર્ણાટક) રાત્રે ૮ વાગે શાસ્ત્રીય ગાયન રજૂ કરશે. શુક્રવારે વાદ્ય સંગીત અંતર્ગત નીલાદ્રી કુમાર (મુંબઈ) નું સિતારવાદન અને સત્યજીત તલવારસ્કર (પુના)નું તબલાવાદન રાત્રીના રજૂ થશે. શ્રી હનુમાન જયંતી, શનિવારે સવારના પારિતોષિક વિતરણ સમારંભ યોજાશે. જે પૂર્વે શ્રી હનુમાનજી મહારાજની સમક્ષ સવારે નવ કલાકે સુંદરકાંડના સંગીતમય પાઠ, આરતી, હનુમાન ચાલીસાના પાઠ થયા બાદ એવોર્ડ વિતરણ કાર્યક્રમ થશે.આ કાર્યક્રમમાં સવારે ૧૦



વાગે પૂ.મોરારીબાપુના શુભહસ્તે ગાયન,વાદ્ય,નૃત્ય તથા તાલવાદ્ય માટે હનુમંત એવોર્ડ એનાયત થશે. જેમાં પં.જયતીર્થ મેવુન્ડી, સિતાર વાદન- નીલાદ્રી કુમાર ને, નૃત્ય -(કથક) માટે વિદુષી અદિતિ મંગળદાસને તેમજ તાલ વાદ્ય (તબલા) માટેનો એવોર્ડ શ્રી સત્યજીત તલવલકર ને અર્પણ થશે.અભિનય ક્ષેત્રે આજીવન સેવાના ઉપલક્ષમાં અપાતો નટરાજ એવોર્ડ ભવાઈ માટે શ્રી પ્રાણજીવન પૈજા (મોરબી), નાટક માટે શ્રી સનત વ્યાસ (મુંબઈ), હિન્દી ટીવી સિરિયલ માટે શ્રી અર્જુન ફિરોઝખાન (મુંબઈ) ને અર્પણ થશે.આ ઉપરાંત સંસ્કૃત ભાષાની સેવા કરનાર વિદ્વાન મહિલાને અપાતો ભામતી પુરસ્કાર ડો. પુનિતાબેન દેસાઈ (વલસાડ)ને અર્પણ થશે.બીજો સંસ્કૃત ભાષાનો વાચસ્પતિ પુરસ્કારે ડો. ગિરીશ જાની (મુંબઈ-ભારતીય વિદ્યા ભવન) ને એનાયત થશે. જ્યારે કૈલાશ લલિત કલા એવોર્ડ નૈના દલાલ (ચિત્ર)(વડોદરા)ને, સદભાવના એવોર્ડ શ્રીગુલઝાર અહેમદ ગનાય (કશ્મીર) ને જ્યારે અવિનાશ વ્યાસ (સુગમ સંગીત) એવોર્ડ હરીશચંદ્ર જોશી (બોટાદ / ભાવનગર) પૂજ્ય બાપુના સહયોગી ઉદઘોષક પ્રોફેસર ગીત સંગીતકારને અર્પણ કરીને તેમની વંદના કરવામાં આવશે. અર્પણ વિધિ બાદ આ સમગ્ર ઉપક્રમના પ્રેરણાસ્ત્રોત અને માર્ગદર્શક પૂ.મોરારીબાપુનું પ્રસંગિક ઉદબોધન થશે જેની વિશ્વભરના બાપુના ફ્લાવર્સ આતુરતાથી રાહ જોતા હોય, જે વિશેષ ધર્મજ્ઞાનવર્ધક સંદેશ હોય છે. તલગાજરડા ખાતે હનુમંત જન્મોત્સવનું ટીવી પ્રસારણ આસ્થા ટીવી ચેનલ તેમજ ચિત્રકૂટ ધામ તલગાજરડા યુટ્યુબ ચેનલ ઉપર જીવંત માણી શકાશે. ગત રવિવારે જ પૂજ્ય મોરારીબાપુની ૧૫ હજાર કિલોમીટર દૂર દક્ષિણ ધ્રુવ પાસેના આર્જેન્ટિના દેશના બરફીલા પ્રદેશમાં માનસ નૌમી-૯૫૪મી રામકથા સુપેરે સંપન્ન થઈ. જેમાં વિરામ દિને બાપુએ -રામ સત્યાચાર્ય છે, કૃષ્ણ પ્રેમાચાર્ય છે. મહાવીર અહિંસાચાર્ય છે જ્યારે બુધ્ધ કરૂણાચાર્ય છે પણ દેવોના દેવ મહાદેવ-શિવ સર્વાચાર્ય છેનું જણાવ્યું હતું.

## ડાંગમાં ખાનગી શાળાઓમાં થતી ઉઘાડી લૂંટ બાબતે કોંગ્રેસ સમિતિનું આવેદનપત્ર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૯ :** ડાંગ જેવા આદિવાસી વિસ્તારમાં ખાનગી શાળાઓમાં અનેક ફીનાં નામ પર ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી હોય તેવા આક્ષેપ સાથે ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિનાં કાર્યકરી પ્રમુખ સ્નેહલ ઠાકરેએ આવેદનપત્ર પાઠવ્યુ છે. ડાંગ જિલ્લો લગભગ ૯૮ ટકા આદિવાસી વસ્તી ધરાવતો પછાત પ્રદેશ છે. તેમજ અહીં રહેતી અન્ય વસ્તી પણ આર્થિક રીતે ઘણી પછાત છે અને હાલના સમયનો માહોલ જાતા તમામ વર્ગના લોકો મોંઘવારીથી ત્રસ્ત છે. તેવામાં ખાનગી શાળાઓમાં વાલીઓના ખિસ્સા ખાલી કરવાનો નવો કિમીયો ચાલુ કરી દીધેલ હોય તેવું જણાવવામાં આવ્યુ છે. સ્નેહલ ઠાકરેને મળેલ માહીતી મુજબ ઘણા વાલીઓ ખાનગી શાળાઓમાં થતી મનસ્વી ઉઘરાણીથી ખુબ જ પરેશાન છે. જિલ્લામાં આવેલ ખાનગી શાળાઓ વાલીઓને સ્કુલ ફી, ટર્મ ફીના નામે તેમજ ફરજીયાત પાઠય પુસ્તકો નોટબુકો પણ શાળાએથી ખરીદવા કે પછી તેમના નકકી કરેલા અમુક ચોકકસ વ્યકિત પાસે જ ખરીદી કરવા મજબુર કરે છે.તેમજ શાળાના યુનિફોર્મ, બુટ, ટાઈ, મોજા જેવી વસ્તુઓ પણ શાળાઓ દ્વારા અથવા શાળા સંચાલકો દ્વારા નકકી કરાયેલ જગ્યાએ જ લેવા પડે છે.જેથી શાળા સંચાલકો અને જે તે ચોકકસ વ્યક્તિઓ પોતાની મનમાની મુજબ બજાર ભાવ કરતા વધારે પૈસા લે છે.

ઘણી શાળાઓમાં બાળકોના શિષ્યવૃત્તિના ફોર્મ પણ ભરાવવામાં નથી આવતા. આ બાબતે ગંભીરતા દાખવી આવનારા શૈક્ષણિક સત્ર પહેલા તમામ ખાનગી શાળાઓ દ્વારા ચાલતી આ ઉઘાડી લૂંટ બંધ કરાવવામાં આવે અને સત્વરે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે ડાંગ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ સ્નેહલ ઠાકરે એ જિલ્લા શિક્ષણ અધિકારી તથા ડાંગ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને આવેદનપત્ર પાઠવ્યુ છે.

## ડાંગ જિલ્લામાં ગરમીનો -કોપ વધ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૦૯ :** રાજ્યનાં અન્ય ભાગોની જેમ હવે ડાંગ જિલ્લામાં પણ ગરમીનું મોજુ ફરી વળ્યું છે.ડાંગ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે,જેના કારણે ડાંગી જનજીવન ત્રાહિમામ પોકારી ઉઠ્યુ છે.આજે જિલ્લાના મુખ્ય મથકમાં આહવા, સુબીર અને વઘઈમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આ સિઝનનું અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન છે.ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારામાં પણ ગરમીનો પ્રભાવ જોવા મળ્યો હતો અને સાપુતારામાં ૪૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતુ. બીજી તરફ સાપુતારાની તળેટીમાં આવેલ શામગહાન ખાતે લઘુત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ.

જે દર્શાવે છે કે રાત્રિના સમયે પણ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ઉનાળાની શરૂઆત સાથે જ ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં આટલા ઊંચા તાપમાનના કારણે લોકોની મુશ્કેલીઓ વધી ગઈ છે. ખાસ કરીને રોજીંદી મજૂરી કરતા અને બહાર કામ કરતા લોકો ગરમીથી ખૂબ જ પરેશાન છે. ગરમીના કારણે ડિહાઈડ્રેશન અને અન્ય સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ પણ વધી શકે છે.સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા લોકોને બપોરના સમયે બિનજરૂરી રીતે બહાર ન નીકળવાની અને પૂરતા પ્રમાણમાં પાણી પીવાની સલાહ આપવામાં આવી છે.

## દમણ રેડિયો

102.3 FM

આકાશવાણી

**ગુરુવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ - હિન્દી સમાચાર(દિલ્હીથી) ૦૬.૦૫ -અર્ચના (ભક્તિ ગીતો) અને ૦૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરા પરથી) ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત(દમણથી) ૦૬.૫૫ - સંસ્કૃતમાં સમાચાર ૦૭.૦૦ - ફિલ્મ સંગીત ૭.૧૦- પ્રાદેશિક સમાચાર- ૦૭.૨૦- શ્રી રામ ચરીત માનસ ગાળ. ૭.૩૦ - સુગમ સંગીત (દમણથી), ૭.૪૫- ગુજરાતી સમાચાર, ૦૭,૫૫- કાર્યક્રમ વિવરણ ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી ) ૦૮.૧૫ - સુગમ સંગીત, ૦૮.૩૦- શ્રવણ માધુરી (દમણથી) ૯.૦૦-અમદાવાદના કાર્યક્રમ ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત-ગુલમહોર (દમણથી) ૧૦.૩૦ - થી સાંજે ૦૫.૩૦ - અમદાવાદના કાર્યક્રમ જેમાં ૧૨.૦૦ થી ૦૧.૦૦ - લોક સંગીત અને નારી જગત ૦૧.૦૦- હિન્દી અને અંગ્રેજી સમાચાર, ૦૧.૩૦ (જય જવાન - હિન્દી ફિલ્મ સંગીત) ૦૨:૧૫ હિન્દી સમાચાર,૦૨.૪૦ - સુગમ સંગીત..૦૩.૦૦ થી ૫.૦૦ સુગમ સંગીત **સાંજે :** (દમણથી) ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT UMANG)૦૬.૦૦ - વિવધ ભારતી-૬.૧૫ થી અમદાવાદ નાં કાર્યક્રમ ૦૭.૧૦ - પ્રાદેશિક સમાચાર. ૭.૨૦ (દમણથી) કીસાનવાણી કાર્યક્રમ. ૭.૫૦ ગુજરાતી સમાચાર રાત્રે ૦૮:૦૦ વાગ્યા થી ૧૧.૦૦ સુધી અમદાવાદના કાર્યક્રમ ૧૧.૦૦ - હિન્દી અને અંગ્રેજી સમાચાર - દિલ્હીથી, ૧૧.૧૦ - સભા સમાપન




## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૦-૦૪-૨૦૨૫, **વારઃ** ગુરૂવાર **તિથિઃ** તેરસ **વિક્રમ સંવતઃ** ૨૦૮૧
**સૂર્ય ઉદયઃ** ૦૬:૨૪ **સૂર્ય અસ્ત :** ૧૮:૫૮ **ચંદ્રરાશિઃ** સિંહ

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** *આજે તમારે તમારી હોશિયારીની કુનેહ તથા મુત્સદ્દીપણાનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે.*

**વૃષભ(બ.વ.ઉ) :** *આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય.*

**મિથુન(ક.છ.ઘ) :** *આજે નફરતની લાગણી મોંઘી પુરવાર થઈ શકે છે.તે ન માત્ર તમારી સહનશક્તિનો ગુપ્ત રીતે નાશ કરે છે બલ્કે તમારી વિવેકબુદ્ધિને પણ મંદ કરે છે તથા સંબંધમાં કાયમી તિરાડ ઊભી કરે છે.*

**કર્ક(ડ.હ) :** *આજના દિવસે તમારે તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે.*

**સિંહ(મ.ટ.) :** *આજે હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો.*

**કન્યા(પ.ઠ.ણ.) :** *આજે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો.*

**તુલા (ર.ત.) :** *તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન લેવાનું ટાળવું ન કરવું જોઈએ કારણ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે.*

**વૃશ્ચિક(ન.ય.) :** *આજે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો.*

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** *આજના દિવસે તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય.*

**મકર(જ.ખ) :** *આજે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે.*

**કુંભ(ગ.શ.સ.) :** *આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે.*

**મીન(દ.ચ.ઝ.થ.) :** *આજે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે.*

## ડાંગમાં સ્ટ્રોબેરી ખેતીથી જિલ્લામાં રોજગારીનું નિર્માણ થશે







### ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરેલ ખેડૂતે ટેક્નોલૉજીના સહારે સ્ટ્રોબેરીની ખેતી શરૂ કરી : પ્રાકૃતિક ખેતી અપનાવી, એક વર્ષમાં, એક એકર જમીનમાં ૧૦ ટન સ્ટ્રોબેરીનો પાક મેળવ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૦૯ :** 'ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ', 'અણદીઠેલી ભોમ પર, યૌવન માંડે આંખ'- ઝવેરચંદ મેઘાણી રચિત આ પંક્તિનો અર્થ થાય છે કે, જે વ્યક્તિ યુવા અવસ્થામાં સાહસ કરીને કામ કરે છે તે જીવન જીવી જાણે છે અને નવું સર્જન કરી શકવાની ક્ષમતા ધરાવે છે. ઉક્ત પંક્તિઓને સાબિત કરી બતાવી છે ડાંગના એક તરવરિયા યુવાને.

ડાંગ જિલ્લાના મહારાષ્ટ્રની બોર્ડરને અડીને આવેલ મોટા માંળુગા ગામનો ૨૬ વર્ષીય યુવક શ્રી જિગ્નેશભાઇ મધુભાઇ ભોયે જેણે, પ્રાકૃતિક ખેતી કરનાર પ્રગતિશીલ ખેડુત તરીકે નામનાં મેળવી છે. પાણીની અછત છતાંય ફળાઉ પાકની ખેતીમાં સાહસિકતા દાખવી આ યુવકે એક એકર જમીનમાં સ્ટ્રોબેરીનો મબલક પાક રળ્યો છે. માત્ર ૧૦ ધોરણ સુધી અભ્યાસ કરેલ જિગ્નેશભાઇ ભોયેએ ટેક્નોલૉજીનો ઉપયોગ કરી યુટ્યુબના માધ્યમથી ખેતી વિશે જાણકારી મેળવી સ્ટ્રોબેરીની ખેતી કરવાનું શરૂ કર્યું હતું. છેલ્લાં ત્રણ વર્ષ થી તેઓ સ્ટ્રોબેરીની ખેતી કરી રહ્યાં છે. તેઓ દર વર્ષે વાર્ષિક ૬ થી ૭ ટન જેટલું ઉત્પાદન મેળવે છે પરંતુ ચાલુ વર્ષ દરમિયાન એક એકર જમીનમાં રેકર્ડ બ્રેક ૧૦ ટન સ્ટ્રોબેરીનો પાક મેળવી તેઓ અન્ય ખેડૂતો માટે પ્રેરણા રૂપ બન્યા છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના આત્મનિર્ભર ભારત બનાવવાનું સ્વપ્ન ડાંગના મોટા માળુંગાનો આ યુવાન સ્વપ્ન સાકાર કરી રહ્યો છે. ધોરણ ૧૦ સુધી અભ્યાસ કર્યો, જે બાદ રોજગારી માટે વાપી કે અન્ય ઈન્ડસ્ટ્રિયલ એરીયામાં નોકરી કરી, સાથે જ નજીકના મહારાષ્ટ્ર રાજ્યમાં દ્રાક્ષ અને સ્ટ્રોબેરીના ખેતરોમાં ખેત મજૂર તરીકે કામ કર્યું. પરંતુ આંખોમાં નવા સ્વપ્ન સેવી રહેલાં આ યુવકે ખેત મજૂર નહીં પરંતુ ખેત માલિક બનવાનો નિર્ણય કર્યો. વર્ષો થી તેઓના બાપદાદાઓ અને માતા-પિતા ખેત મજૂર તરીકે કામ કરતાં હતાં, પરંતુ ખેત મજૂર માંથી માલિક બનવાનો નિર્ધારિત કરેલ નિર્ણય આ યુવકે, ખેતી ક્ષેત્રે સંશોધન શરૂ કર્યુ, ખેતી વિશે જાણકારી મેળવી સરકારના વિવિધ કાર્યક્રમો તેમજ તાલીમ મેળવી, પ્રાકૃતિક ખેતીની પ્રેરણા મેળવી અને ઘર બેઠાં પ્રાકૃતિક ખેતી કરવાનો નિર્ધાર કર્યો હતો. શરૂઆતમાં પારંપરિક ખેતી સિવાય કારેલાં, દૂધી અને ટાંમેટાની ખેતી કરી, પરંતુ તેમાં સફળતા મળી નહી. જે બાદ ઈન્ટરનેટ ઉપર ફળાઉ પાકો ની જાણકારી મેળવી સાથે જ ફળાઉ પાકો માટે સરકારની યોજનાઓની વિગતો મેળવી અને સ્ટ્રોબેરીની ખેતી કરવાનું નક્કી કર્યું. શરૂઆતના વર્ષોમાં ઓછી જગ્યામાં સ્ટ્રોબેરીની ખેતી કરી જેનું છૂટક વેચાણ આહવા તેમજ સાપુતારા ખાતે કર્યું. આ સાથે જ ડાંગ જિલ્લાના બાગાયતી વિભાગના અધિકારીઓ પાસેથી ખેતી વિશે વધુ જાણકારી મેળવી, ખેતી પધ્ધતીઓ જાણી અને ત્રીજા વર્ષે એક એકર જમીનમાં સાહસ કરીને સ્ટ્રોબેરીની ખેતી કરી જેમાં વાર્ષિક ૧૧ ટન સ્ટ્રોબેરીનો પાક મેળવ્યો જેનું તેઓ મોટ પાયે અમદાવાદમાં એક્સપોર્ટ કરી રહ્યાં છે.

જિગ્નેશભાઇ ભોયે જણાવે છે કે, વર્ષો થી તેઓનો પરિવાર પારંપરિક ડાંગર, નાગલી, અડદ, વરઇ વગેરેની ખેતી કરી રહ્યાં છે. ભણતર બાદ તેઓ પોતે પણ છેલ્લાં ૬ વર્ષથી ખેતીના કામમાં જોતરાયેલા છે. તેઓએ પોતાની ખેતી સાથે બહાર ગામ મજુરી કામ પણ કર્યું પરંતુ આત્મનિર્ભર બનવાનું નક્કી કરી તેઓએ ખેતીમાં ઝંપલાવ્યું, ખેતી પ્રત્યે પ્રમે થયો અને ગામમાં જ પોતાના ખેતરમાં ખેતીની શરૂઆત કરી જે બાદ તેઓએ ખેતીમાં નવતર પ્રયોગો કરી સ્ટ્રોબેરીની ખેતી કરી રહ્યાં છે. તેઓએ અર્લી વિન્ટર અને વિન્ટર ડાઉન નામની ૨ સ્ટ્રોબેરીની જાતને ખેતરમાં વાવી છે. જેને સામાન્ય રીતના ૯૦ થી ૧૦૫ દિવસમાં પાક આવવાની શરૂઆત થાય છે. પાક આવ્યાં બાદ દર બે ત્રણ દિવસે સતત પાકની લણણી કરવી પડતી હોય છે. જેના માટે તેઓને સાત થી આઠ મજૂરોની જરૂર પડતી હોય છે. જેથી ખેતીના કામ થી તેઓએ ગામમાં જ રોજગારી સર્જી છે. તેમજ તેઓ જથ્થાબંધ સ્ટ્રોબેરી સુરત, ભરૂચ તેમજ મોટ પાયે અમદાવાદ માર્કેટમાં પોતાનો પાક વેંચી રહ્યાં છે. જેનાથી તેઓને ઘર બેઠાં આવક મળી રહે છે તેમજ ગામના લોકોને રોજગારી પણ મળી રહે છે. સ્ટ્રોબેરીના પાક થી તેઓ વાર્ષિક સરેરાશ ૭ થી ૮ લાખની મબલક કમાણી કરી રહ્યાં છે. જિગ્નેશભાઇ ભોયે સરકાર તેમજ બાગાયતી વિભાગનો આભાર વ્યક્ત કરતાં જણાવે છે કે, તેઓને બાગાયતી પાકોમાં કૃષિ સહાય, હાઈબ્રીડ બિયારણ માટે ૫૦ ટકા સહાય, તેમજ સ્ટ્રોબેરીના રોપા માટે સહાય, પ્લાસ્ટિક આવરણ, પેંકીગ મટીરિયલ, કાચા મંડપ સહાયમાં દરેક યોજના દીઠ કુલ ૭૫ ટકાની સહાય પ્રાપ્ત થઇ છે. ઉપરાંત બાગાયત વિભાગ માંથી પ્રેરણા પ્રવાસ તરીકે તેઓ સૌરાષ્ટ્ર જિલ્લાની મુલાકાતે પણ ગયાં હતાં.

વધુમાં તેઓ જણાવે છે કે, ડાંગ જિલ્લાનું વાતાવરણ સ્ટ્રોબેરીના પાક માટે અનુકુળ છે. જેથી મહારાષ્ટ્રમાં ખેત મજૂર તરીકે જતાં લોકોએ પોતાના વતનમાં જ ખેતીની શરૂઆત કરવી જોઇએ, સરકાર બાગાયતી પાકોમાં સહાય તેમજ પ્રાકૃતિક કૃષિમાં સહાય આપી રહી છે. સ્ટ્રોબેરી પાક ડાંગની ઓળખ બનશે તેમજ અહિં મોટી સંખ્યામાં લોકો સ્ટ્રોબેરીના કારણે રોજગારી પ્રાપ્ત કરી શકે છે એવો મક્કમ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

નાયબ બાગાયત નિયામક શ્રી તુષારભાઇ ગામીતે વિભાગ અંગેની માહિતી આપતાં જણાવે છે કે, પાક ઉત્પાદન થી બજાર વ્યવસ્થા સુધીની તમામ યોજનાઓ સરકારમાં ચાલુ છે. જેમાં બાગાયત વિભાગ દ્વારા શાકભાજી માટે હાઈબ્રિડ બિયારણ, કાચાં/અડધાં પાકા/ પાકા મંડપ, ફળાઉ પાક માટેની યોજના, પ્લાસ્ટીક આવરણ, બાગાયતી પેદાશો માટે પેંકિગ મટીરીયલમાં સહાય સાધનો (તાડપત્રી/વજન કાંટો અથવા પ્લાસ્ટિક કેરેટ), બાગાયતી યાંત્રિકીકરણ માટે (મિની ટ્રેક્ટર, પાવર ટીલર, સ્વયં સંચાલિત બાગાયતી મશીનરી પાવર વિડર, બૅટરી ઓપરેટેડ સ્પ્રે પંપ જેવી યોજનાઓ આપવામાં આવે છે.

ડાંગ જિલ્લાના ૧૫ હજાર હેક્ટર વિસ્તારમાં બાગાયતી ખેતી કરવામાં આવે છે. જેમાં રીંગણ, મરચાં, ટામેટાં, કારેલાં, ભીંડા, ડુંગળી, દુધી, ફણસી, આંબા, કાજુ, તરબૂચ, સ્ટ્રોબેરી, કોબી, હળદર, સફેદ મુશળી, વિગેરેની ખેતી કરવામાં આવે છે. જેમાં ૧૦ થી ૧૨ હેક્ટર વિસ્તાર જમીનમાં સ્ટ્રોબેરીની ખેતી કરવામાં આવે છે. ચાલુ વર્ષે ડાંગમાં સ્ટ્રોબેરીની ખેતી કરતાં ૬૪ ખેડુતો જે પૈકી ૭ મહિલાઓને સ્ટ્રોબેરી માટે વિવિધ યોજનાઓનો લાભ આપવામાં આવેલ છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રેરણા થકી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ડાંગ સહિત ગુજરાતના ખેડૂતો 'નેચરલ ફાર્મીંગ તરફ પ્રયાણ કરી રહ્યા છે. સરકારના સતત કૃષિલક્ષી કાર્યક્રમોની સફળતાના પગલે ડાંગના છેવાડાના વિસ્તારના યુવા ખેડુત જિગ્નેશભાઇ ભોયે જેવા ખેડૂતોના આર્થિક, સામાજિક જીવનમાં પરિવર્તન આવ્યું છે. બાગાયતી યોજનાઓની સબસીડી તેમ ખેડુતોને આપવામાં આવેલ તાલીમોના કારણે ખેડૂતો પરંપરાગત ખેતી છોડી ને બાગાયતી પાકો અપનાવી વધુ આવક મેળવતા થયા છે. સાથે જ ઓછા ખર્ચે ખેતીમાં વધુ ઉત્પાદન મેળવતા થયા છે.

Thursday 10, April 2025

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


# સાતમાળિયા ડિયર પાર્કમાં વન્યજીવો માટે ઉનાળાની ખાસ વ્યવસ્થા કરાઈ







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૯ :** સાતમાલિયા ડિયર પાર્કમાં વન્યજીવો માટે ઉનાળાની ખાસ વ્યવસ્થામાં ખોરાક અને પાણીની અવિરત સુવિધા કરાઈ છે. દાદરા નગર હવેલીના દપાડા ગામે આવેલું સાતમાલિયા ડિયર પાર્કમાં લાખો પ્રવાસી અહીંની કુદરતી સાજ-સજાવટ અને નિઃશંક વિહાર કરતા વન્યજીવોને જોવા આવે છે. અભયારણ ૪૧૦ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું છે, જ્યાં ૫૩૪થી વધુ વન્યપ્રાણીઓમાં નિલગાય, ચોસિંગા, સાંભર, ચિતલ સહિતના જીવનો સમાવેશ થાય છે. કુદરતી પર્વતીય વિસ્તાર ધરાવતું આ અભયારણો ઉનાળાની ભીષણ ગરમીમાં પણ અહીં વસવાટ કરતા -ાણીઓ માટે ખોરાક અને પાણીની અવિરત વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

વન વિભાગ દ્વારા ઉનાળામાં વન્યજીવોના આરોગ્યનું ધ્યાન રાખીને રોજ સવારે ખાસ એસેમ્બલી પોઇન્ટ પર તેમને એકઠા કરી ખોરાક આપવામાં આવે છે. જેમાં હરો ચારો, કેટલ ફીડ, જુવાર-બાજરીના પીલિયા, શેરડીના ટુકડા અને સૂકો ઘાસચારો પણ આપવામાં આવે છે.

પીવાના પાણી માટે અભયારણમાં કુદરતી તળાવો, ચેકડેમ તથા કૃત્રિમ તળાવો બનાવવામાં આવ્યા છે. ઉનાળામાં આ તળાવોમાં સતત પાણી રહે, તે માટે નદી અને કૂવામાંથી પાઈપલાઈન દ્વારા પાણી લાવીને ઓવરહેડ ટાંકી વડે તળાવોમાં છોડવામાં આવે છે. પરિણામે ન માત્ર પ્રાણીઓ તરસ બુઝાવે છે, પણ પાણીના કારણે આજુબાજુનું પર્યાવરણ પણ લીલોછમ રહે છે.

વન વિભાગની આ કામગીરીની પ્રવાસીઓ પણ પ્રશંસા કરી રહ્યાં છે કે, જ્યારે આજુબાજુના વિસ્તારમાં પાણીનો ટોટલો છે ત્યારે અભયારણમાં રહેતા મૂંગા પ્રાણીઓ માટે એવી વ્યાપક વ્યવસ્થા નોંધપાત્ર છે.

# મગોદ ડુંગરી શ્રી સિમેન્સ મંડળ દ્વારા ૪૬ મો રાધકૃષ્ણ યજ્ઞ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારમાં આવેલ મગોદ ડુંગરી ખાતે સેવાભાવી એવા શ્રી સિમેન્સ મંડળ દ્વારા ધાર્મિક પરંપરા જાળવી રાખતા વાર્ષિક ૪૬ મો રાધકૃષ્ણ યજ્ઞ ધાર્મિક માહોલમાં યોજાયો હતો.આ વિભાગના સાગરખેડૂ ભાવિક ભક્તોનું આસ્થાનું પ્રતિક મનાતા શ્રી રાધાકૃષ્ણ મંદિર પટાગણમાં ચૈત્ર સુદ અગિયારસની તિથિએ સવારે ૯ - ૦૦ કલાકે શ્રી ગણેશ સ્થાપન વિધી સાથે બ્રાહ્મણચાર્યોના સાંનિધ્યમાં યજ્ઞ પ્રારંભ કરાયો હતો. છેલ્લા ૪૬ વર્ષથી મગોદ ડુંગરી ખાતે આ મહાયજ્ઞનું આયોજન કરવા પાછળ શ્રી સિમેન્સ મંડળનો મુખ્ય હેતુ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ શાંતિ, સર્વધર્મ સમભાવ કેળવવા અને સાગરખેડૂ સિમેન્સ ભાઈઓમાં



પરસ્પર એકતા સહકારની ભાવના સાથે સમગ્ર સિમેન્સ ભાઈઓનું જીવન સુખમય અને તંદુરસ્ત રહે તેમજ દરિયાઈ સફળમાં કોઈ વિઘ્ન મુશ્કેલી ન આવે એ મુખ્ય હેતુ છે. આ પ્રસંગે બપોરે ૧૨ - ૦૦ કલાકે ગ્રામજનો મહાપ્રસાદનો લાભ લેશે ત્યારબાદ બપોરે ૨ - ૦૦ કલાકે જળયાત્રા નીકળી જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ જોડાઈ હતી. સાંજે યજ્ઞની પુર્ણાહુતી ત્યારબાદ રાત્રે ૯ - ૦૦ કલાકે સંતવાણી ડાયરો અને ભજનની રમઝટ જામશે. આ યજ્ઞનો કાર્યક્રમને સફળ બનાવવા શ્રી સિમેન્સ મંડળના આયજકો ભારે જહેમત ઉઠાવી હતી.

### હું જો રક્તદાન કરી શકું છું... તો તમે કેમ નહીં તેઓ

# પારડીના ૬૨ વર્ષીય દિવ્યાંગે રક્તદાન કરી લોકોને પ્રેરણા આપી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** ૨૫ વર્ષ પહેલા રેલ્વે અકસ્માતમાં વલસાડ પારડીના દેસાઈએ પોતાના બંને પગ સહિતના શરીરનો અડધો ભાગ ગુમાવ્યું પણ તેમણે જીવન જીવવાની ઈચ્છા ગુમાવી નહીં તેમનું જીવન બચાવવામાં કોઈ અજાણ્યા માણસ તો હાથ હતો શરીરનો અડધો ભાગ ગુમાવા જીવન જીવવાની જિજ્ઞાસા અને સારી ખાલત સામે જજમીને હિંમત હાર્યા વિના ફરીથી ઊભા થઈને જિંદગી માણનારા વલસાડ પારડી ના ૬૨ વર્ષીય અનાવિલે રામ નવમીના પાવન દિવસે રક્તદાન કરી લોકોને પ્રેરણા આપી છે. અત્યાર સુધી તેમણે પાંચ વખત રક્તદાન કર્યું છે.



વલસાડ પારડીના ગોપી ફળિયામાં ચેતનભાઇ નટુભાઈ દેસાઈ ઉંમર વર્ષ ૬૨ રહે છે. આજથી ૨૫ વર્ષ પહેલા ચેતનભાઇ દેસાઈ નામના આ અનાવિલ દેસાઈનું રેલ્વે અકસ્માતમાં તેઓના પોતાના શરીરના બંને પગની સાથે અડધો ભાગ ગુમાવ્યો હતો. પણ ચેતનભાઈ દેસાઈ ની જીવન જીવવાની ઈચ્છા ગુમાવી નહીં અને તેમનું જીવન બચાવવામાં કોઈ અજાણ્યા માણસનો હાથ હતો. ચેતનભાઈએ બંને પગ ગુમાવવા તેમ છતાં જીવન જીવવાની જિજ્ઞાસા અને શારીરિક હાલત સામે જજુમીને હિંમત હાર્યા વિના ફરીથી ઊભા થઈને જિંદગી મળી રહ્યા છે. ચેતનભાઈ દેસાઈએ રામનવમીના પવિત્ર દિવસે વિસ્તારમાં થયેલા સ્વેચ્છિક રક્તદાન શિબિરમાં તેમણે રક્તદાન કરી લોકોને પ્રેરણા આપી છે. રેલવે અકસ્માતમાં શરીરનો અડધો ભાગ ગુમાવા તેમ છતાં તેમણે પ્રથમ રક્તદાન ૧૩ એ-લિ ૨૦૦૮, અને છેલ્લું રક્તદાન ૦૬ એપ્રિલ ૨૦૨૫ - ARDF & શ્રી રામલલ્લા ચેરિટેબલ ટ્રસ્ટ, વલસાડ પારડી કુલ રક્તદાનેં ૫ વખત - વલસાડ રક્તદાન કેન્દ્ર માં કર્યું છે. તેમણે કોરોના મહામારી સમયે રક્તદાન કેન્દ્ર પર જઈ રક્તદાન કર્યો હતો. જયારે અમુક લોકો સામાન્ય તબિયત હોવા છતાં 'ડર' કે 'આળસ'ના કારણે રક્તદાનથી દૂર રહે છે.ત્યાં ચેતનભાઈ એ પોતાની મજબૂતીથી સમાજને બતાવ્યું કે સાચી સેવા માટે શરીર નહિ, મન મજબૂત હોવું જોઈએ.

પગ નથી પણ સમાજના સેવાના રસ્તે સતત આગળ વધી રહ્યા છે.જમીન પર છે. પણ માનવતાની ઊંચાઈને સ્પર્શી રહ્યા છે. એક માણસે પોતાનું 'લોહી' આપીને બીજાના 'જીવન'માં આશા ભરી છે.

# વારણા પ્રા. શાળામાં ધો.૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૯ :** કપરાડા તાલુકા ના વારણા ગામ સ્થિત ચાલતી પ્રાથમિક શાળા માં ધોરણ ૮ માં અભ્યાસ કરતા બાળકો નો વિદાય અને માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા અનોખી પહેલ કરી છે. બાળકો ને ભવિષ્ય માં સારા મિત્રોની સોબત કરવા ની પ્રતિજ્ઞા લેવડાવી હતી અને બાળકો એ પણ સારા મિત્રોની સોબત કરવા અંગેની પ્રોમિસ આપી હતી. વિદ્યાર્થીઓ એ શાળામાં અભ્યાસકાળ દરમિયાનના અનુભવો વર્ણવ્યા હતા. શાળાના આચાર્ય દયાળભાઈ ચૌધરી અને શિક્ષક હિતેશભાઈ પટેલ તથા સ્ટાફ દ્વારા બાળકોને ધોરણ ૮ પછી ના માધ્યમિક શિક્ષણ અંગેનું માર્ગદર્શન આપ્યું હતું. બાળકો દ્વારા શાળાને વિદ્યાની દેવી સરસ્વતીના ફોટોની સ્મૃતિ ભેટ આપી હતી.

# વલસાડ પાલિકાના વોર્ડ ૨ મા ૩૫ લાખના ખર્ચે વરસાદી કાસ ઉપર સ્લેબનું ખાતમુહૂર્ત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** વલસાડ નગરપાલિકાના વોર્ડ નંબર ૨ માં આવેલ સરકારી દવાખાનાની પાછળ શેમાં ચાલ ધનપુરા રોડ પાસે ૩૫ લાખના ખર્ચે ૧૩૫ મીટર વરસાદી કાચ ઉપર સ્લેબ નાખવાનું ખાતમુરત કરવામાં આવ્યું હતું. વલસાડ નગરપાલિકા વોર્ડ નંબર ૨ સરકારી દવાખાના ની પાછળ સેમા ચાલ ધનભૂરા રોડ પાસે વલસાડ નગરપાલિકા ની યુ ડી પી ૮૮ ૨૦૨૪ ૨૫ની ગ્રાન્ટ માંથી ૩૫,૦૦,૦૦૦ ના ખર્ચે ૧૩૫ મીટર વરસાદી કાસ ઉપર સ્લેબ નું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.વલસાડ નગર પાલિકાના વોર્ડ નંબર ૨ ના બાંધકામ સમિતીના અધ્યક્ષ ગૌરીબેન હિતેશ રાણા,હોસ્પિટલ સમિતિ અધ્યક્ષ ઉર્વશી બેન પટેલ,



ભરત પટેલ અને વોટર વર્ક્સ સમિતિ ના અધ્યક્ષ અમિતભાઈ દેસાઈ,નગર પાલિકા પ્રમુખ માલતીબેન, શહેર પ્રમુખ દિવ્યાંગ ભગત,શહેર મંત્રી મુકુલરાજ અગ્રવાલ તથા માજી સભ્ય હિતેશ રાણા તથાં મોટી સંખ્યામાં વિસ્તારના રહીશો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાણા મહાવીર જૈન કોઠારી ઉપાશ્રયમાં નમસ્કાર મહામંત્રનો પાઠ કરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** વલસાડ શહેરમાં મહાવીર જૈન કોઠારી ઉપાશ્રયમાં મુનિરત્નસુરીજી મહારાજના સાનિધ્યમાં જિતો સંસ્થાના સહયોગથી નમસ્કાર મહામંત્રના પાઠનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગુજરાત રાજ્યના તમામ જૈન મંદિરો અને ઉપાશ્રયોમાં નમસ્કાર મંત્રનો કાર્યક્રમનું આયોજન થયું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહ્વાન પર ભારત સહિત ૧૦૮ દેશોમાં નમસ્કાર મહામંત્રના પાઠનો ભવ્ય પ્રારંભ થયો છે.

દેશભરમાં શાંતિ, સાપ્રદાયિક સુમેળ અને માનવ કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. વલસાડ શહેર માં મહાવીર જૈન કોઠારી ઉપાશ્રયમાં મુનિરત્નસુરીજી મહારાજના સાનિધ્યમાં જિતો સંસ્થાના સહયોગથી નમસ્કાર મહામંત્રના પાઠનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સમગ્ર ગુજરાત રાજ્યના તમામ જૈન મંદિરો અને ઉપાશ્રયોમાં નમસ્કાર મંત્રનો કાર્યક્રમનું આયોજન થયું હતું. ગુરુરત્નસૂરિશ્વર મહારાજના અધ્યાત્મિક માર્ગદર્શન હેઠળ દેશભરમાં શાંતિ, સાંપ્રદાયિક સુમેળ અને માનવ કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. શાસ્ત્રોમાં નમસ્કાર મહામંત્રને સર્વશ્રેષ્ઠ મંત્ર તરીકે વર્ણવવામાં આવ્યો છે. આ મંત્ર તણાવ અને દુઃખને દૂર કરી શાંતિનો સંદેશ આપે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નમસ્કાર મહામંત્રને ભવસાગર તરવાનું માધ્યમ ગણાવ્યું છે. અને આ મંત્રનો નિયમિત પાઠથી સમજદારી અને આત્મવિશ્વાસમાં વધારો થાય છે. આ વિશ્વવ્યાપી અભિયાનમાં દેશની વિવિધ શાખાઓના સંઘો જોડાયા હતા. આત્મકલ્યાણ અને વિશ્વશાંતિના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવ્યો હતો.

# દમણના ૧૦ આપત્તિ મિત્રોએ વડોદરામાં SDRF તાલીમ લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૯ :** દમણના ૧૦ પ્રશિક્ષિત ડિઝાસ્ટર મિત્ર સ્વયંસેવકોએ વડોદરામાં આયોજિત સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF) ના ખાસ તાલીમ શિબિરમાં ભાગ લીધો હતો. આ પહેલનો ઉદ્દેશ્ય તેમની આપત્તિ વ્યવસ્થાપન ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવાનો છે, જેથી તેઓ પૂર, ચક્રવાત અને અન્ય કુદરતી આફતો દરમિયાન અસરકારક રાહત પૂરી પાડી શકે. આ SDRF તાલીમ શિબિરમાં, સ્વયંસેવકોને બચાવ તકનીકો, પ્રાથમિક સારવાર, કટોકટી સંદેશાવ્યવહાર અને આપત્તિ વ્યવસ્થાપન એજન્સીઓ સાથે સંકલન અંગે વ્યવહારુ તાલીમ આપવામાં આવશે. દમણના ડિઝાસ્ટર મિત્ર સ્વયંસેવકોની આ ભાગીદારી આ પ્રદેશમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સિસ્ટમને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ પ્રસંગે, અધિકારીઓએ આવા તાલીમ કાર્યક્રમોના મહત્વ પર ભાર મૂક્યો અને કહ્યું કે આ સ્થાનિક સ્વયંસેવકોને સશક્ત બનાવવામાં અને આપત્તિ વ્યવસ્થાપનને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તાલીમ પામેલા આપત્તિ મિત્ર તેમના સમુદાયોમાં કટોકટીના સમયે જીવન અને સંપત્તિની સલામતી સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. આ તાલીમ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન માળખા સાથે સુસંગત છે અને તેનો ઉદ્દેશ્ય દેશભરમાં એક સંગઠિત, તૈયાર અને સક્ષમ સમુદાય સ્વયંસેવક નેટવર્ક બનાવવાનો છે.

# દમણમાં ભાજપના સ્થાપના દિને મેરેથોન દોડ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૯ :** ભાજપ તેનો ૪૬મો સ્થાપના દિવસ ઉજવી રહ્યો છે, આ પ્રસંગે નમો પથ પર મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપના પ્રદેશ પ્રભારી દુષ્યંત ભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ પ્રમુખ દીપેશ ટંડેલ સહિત અનેક અધિકારીઓ હાજર રહ્યા હતા. મેરેથોન દોડમાં ત્રણ હજારથી વધુ યુવાનો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોએ ભાગ લીધો હતો. ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ અને સ્થાપના દિવસ કાર્યક્રમના સંયોજક નવીન પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ મહેશ અગરિયા સહિત ઘણા લોકો હાજર રહ્યા હતા. મેરેથોનમાં ત્રણ શ્રેણીઓ હતી. ૨, ૪ અને ૬ કિલોમીટરની દોડમાં ઘણા લોકોએ ભાગ લીધો હતો. મેરેથોન પહેલા યુવાનોએ જુમ્મા ડાન્સ પર નાચ્યું. ભાજપ દ્વારા વિજેતાઓને ટ્રોફી, રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# વલસાડ જિલ્લામાં ૭માં પોષણ પખવાડિયાની ઉજવણીનો શુભારંભ

**વલસાડ, તા.૦૯ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા.૦૮ માર્ચ ૨૦૧૮ના રોજ પોષણ અભિયાનનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરવામાં આવ્યો હતો. પોષણ અભિયાન અંતર્ગત મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા દર વર્ષે માર્ચ - એપ્રિલ માસમાં જનજાગૃતિ માટે ક્ષ્પોષણ પખવાડિયાઁની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (ષ્ઙ્ઞ) રાજ્ય સરકારના સંપૂર્ણ સમર્થન સાથે મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ કાર્યક્રમનો અમલ કરવામાં આવે છે. ''પોષણ અભિયાન'' ઝુંબેશ આ મિશનનો જ એક ભાગ છે, જે વ્યક્તિગત અને સામુદાયિક સ્તરે વર્તન પરિવર્તન દ્વારા કુપોષણ ઘટાડવા માટે કામગીરી કરવામાં આવે છે. ૭માં પોષણ પખવાડિયાની તા. ૮ થી ૨૨ એ-િલ ૨૦૨૫ સુધી જિલ્લા કક્ષાની ઉજવણીનો શુભારંભ વલસાડ તાલુકાના નંદાવલા ગામે ખાનગી બેંકવેટ હોલમાં કરવામાં આવ્યો હતો.

આ પોષણ પખવાડિયામાં નીચેની ચાર થીમ પર ધ્યાન કેન્દ્રિત કરી તે મુજબ -વૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં (૧) જીવનના -થમ ૧૦૦૦ દિવસો પર ધ્યાન કેન્દ્રિત કરવું, (૨) પોષણ ટ્રેકરમાંના લાભાર્થી મોડયુલનો -ચાર-પ્રસાર, (૩) CMAM મોડયુલ દ્વારા કુપોષણનું વ્યવસ્થાપન, (૪) બાળકોમાં સ્થૂળતાને દૂર કરવા માટે સ્વસ્થ જીવનશૈલીનો સમાવેશ થાય છે. આ સિવાય જિલ્લામાં સામુદાયિક પહોંચ અને જનજાગૃતિ દ્વારા કુપોષણને સમાપ્ત કરવા સાથે જોડાયેલી સેન્સેટાઇઝેશન અને અન્ય પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવશે. આંગણવાડી કેન્દ્રોમાં વરસાદી પાણીના સંગ્રહને લગતી પ્રવૃત્તિઓ, આયુષ અને ષ્ખ્લ્ણ (શૌચાલય, પીવાનું પાણી અને સ્વચ્છતા) પ્રથા દ્વારા ટકાઉ ખોરાક



-ણાલી અને તંદુરસ્ત જીવનશૈલીને -ોત્સાહન, ઝાડા વ્યવસ્થાપન, એનિમિયા દૂર કરવા વગેરેને પણ વિશેષ રીતે હાથ ધરવામાં આવશે. ઉપરોક્ત પૃષ્ઠભૂમિને ધ્યાને લેતાં પોષણ પખવાડિયું સફળ અને યોગ્ય રીતે ઉજવાય જન જાગૃતિ કાર્યક્રમને વેગ આપી જુદી-જુદી શાખાઓ/વિભાગો દ્વારા થીમ બેઈઝ પ્રવૃત્તિઓનું આયોજન કરી પોષણ પખવાડિયામાં કરવામાં આવતી તમામ પ્રવૃત્તિઓ જનઆંદોલનરૂપે ચલાવાશે.

અતિ ગંભીર કુપોષિત (Severe Acute Malnutrition-SAM) બાળકોનું સમુદાય આધારિત વ્યવસ્થાપન (Community based Management of Acute Malnutrition C-MAM) કાર્યક્રમનું રાજયમાં અમલીકરણ શરૂ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું ''પોષણ સંગમ'' નામ રાજય કક્ષાએથી નકકી કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત CMAM/EGF (અર્લી ગ્રોથ ફોલ્ટરિંગ) કાર્યક્રમના બીજા તબક્કામાં વલસાડ ખાતે જિલ્લાના બાળ વિકાસ યોજના અધિકારીશ્રી, મુખ્યસેવિકા, બ્લોક કો-ઓર્ડિનેટર (પોષણ અભિયાન), બ્લોક પીએસસી ઈન્સ્ટ્રક્ટર તેમજ બ્લોક ન્યુટ્રીશન મેનેજરની રીફ્રેશર તાલીમનું આયોજન જેન્ડર રિસોર્સ સેન્ટર (GRC)ના સહયોગથી કરવામાં આવ્યું છે.

પોષણ પખવાડિયા-૨૦૨૫ શુભારંભ કાર્યક્રમ અંતર્ગત શ્વેતા દેસાઈ, પ્રોગ્રામ ઓફિસર, આઈસીડીએસ, વલસાડ દ્વારા કુપોષણ મુક્ત વલસાડ બનાવવા અને સાચી દિશામાં પોતાના પ્રયત્નો થકી દિશા નિર્દેશન ઉપર ભાર મુક્યો હતો.

આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય ICDSના કર્મચારીઓને પોષણ સંગમ (EGF/CMAM) કાર્યક્રમને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે જરૂરી જ્ઞાન અને કુશળતાથી સજ્જ કરવાનો છે. વલસાડના જિલ્લા કક્ષાએ આ તાલીમમાં માસ્ટર ટ્રેનર તરીકે દર્શાલી કલ્પીન પટેલ, જિલ્લા કો- ઓર્ડીનેટર, પોષણ અભિયાન અને ભાવીષા જી. પટેલ, મુખ્ય સેવિકા, વલસાડ-૩ એ ભૂમિકા ભજવી હતી. જેમાં સ્ટેટ કન્સલ્ટન્ટ ન્યુટ્રિશન હલક મહેતા પણ હાજર રહ્યા હતા. નવસારી જિલ્લા કક્ષાની તાલીમનું આયોજન પણ વલસાડ ખાતે કરવામાં આવ્યું હતું.

# દમણ પોલિટેકનિકની ક્રિકેટ ટીમે સુરતમાં ઝોનલ લેવલ ક્રિકટમાં વિજયી બની

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૯ :** સરકારી પોલિટેકનિક દમણ ક્રિકેટ ટીમે ૧૯ માર્ચ ૨૦૨૫ થી ૨૨ માર્ચ ૨૦૨૫ દરમિયાન સુરત (ઝોન-૫ ઓલ સાઉથ ગુજરાત ટીમ્સ) માં ઝોનલ લેવલ ક્રિકેટ ટુર્નામેન્ટ જીતીને એક નોંધપાત્ર વિજય મેળવ્યો છે. અને તે પછી તેઓ ૨૪ માર્ચ ૨૦૨૫ થી ૨૮ માર્ચ ૨૦૨૫ દરમિયાન મહેસાણામાં યોજાયેલી ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટી ઈન્ટર ઝોન ક્રિકેટ ટુર્નામેન્ટ (ઝોન લેવલ ગુજરાત ટીમ્સના તમામ વિજેતા અને રનર્સઅપ) માટે ક્વોલિફાય થયા. અને તેમાં પણ તેઓ મહેસાણામાં યોજાયેલી ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટી ઈન્ટર ઝોન ક્રિકેટ ટુર્નામેન્ટમાં રનર્સઅપ બન્યા. આ સિદ્ધિ દરેક ખેલાડી અને કોચની મહેનત, સમર્પણ અને ટીમવર્કનો પુરાવો છે. તે ટુર્નામેન્ટમાં કોચ અને મેનેજર સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ટીમ સાથે રહ્યા છે અને તેમના માર્ગદર્શન અને પ્રેરણાથી ટીમે ટુર્નામેન્ટમાં ખૂબ જ સારું -દર્શન કર્યું.

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. **-સંપાદક**

**ચર્ચાનો ચોતરો વિભાગ:** દમણગંગા ટાઈમ્સ, ને.હા.નં. ૪૮, પો.બો.નં.૩૨, વાપી

## મંદિર પ્રવેશ માટે વસ્ત્ર સંહિતાની આવશ્યકતા



અત્યારે બધી જગ્યાએ દેખાતું આ દ્રશ્ય મનને વિચલિત કરે છે. નાના કે મોટા મંદિરે જઈએ તો આવેલા ભાવિક ભક્તોમાં યુવાઓ કે અધેડ ઉંમરના સ્ત્રી, પુરુષો પણ અયોગ્ય વસ્ત્રો પહેરીને મંદિરે દર્શન કરવા આવે છે. સ્કિન ટાઈટ જીન્સની પેન્ટ, ચિથડા જેવી ફાટેલી, મટમેલી, કે સ્ટોન વોશ, એસિડ વોશ જિન્સ, ખુબજ ટૂંકા અને ફેન્સી ટીશર્ટ્સ એવા કપડા પહેરેલા હોય છે.

એમના કપડાં શરીર ઢાંકવાને બદલે વધારે ઉત્તેજક દેખાય એવા હોય છે.

આપણે પ?િમી સંસ્કૃતિના એટલા હદે ગુલામ થઈ ગયા છીએ કે ભાષા, આહાર વિહાર,વસ્ત્ર.પોશાક બધાંમાં એનો દુષ્પ્રભાવ સ્પષ્ટ જણાઈ આવે છે. મંદિરમાં સ્થિત દેવી દેવતાઓનું તત્વ, ચૈતન્ય મળે. આપની અડચણો દૂર થાય, આપણું રક્ષણ થાય,કલ્યાણ થાય એ માટે આપણે મંદિરમાં જઇએ. એ સમયે આપણો ભાવ ન હોય અથવા આપણું વર્તન કે વસ્ત્ર તામસિક હોય તો આપણને એનો લાભ થશે નહીં.

ઊલટાનું આપના એવા અયોગ્ય વસ્ત્રોના કારણે બીજાની કામવાસના ઉત્તેજીત થઈ શકે છે. એનાથી આપણે જે લાભ મેળવવા મંદિરે જઈએ છીએ એનો લાભ તો થશેજ નહી. ઊલટાનું આપણને પાપ લાગે છે. મંદિર એ ફક્ત ધાર્મિક સ્થળ નથી. મંદિરોમાં ધર્મ, અધ્યાત્મ ને સમૃદ્ધ કરનારા કાર્યક્રમોનું આયોજન થાય છે. મંદિર ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું કેન્દ્ર હોય છે. ત્યાંનું પાવિત્ર જાળવવુ, મંદિર પરિસરનું ભક્તિમય વાતાવરણ વધારે શુદ્ધ અને પવિત્ર રાખવું એ આપણી જવાબદારી છે.

આપણી ભારતીય સંસ્કૃતિમાં સાત્વિક વસ્ત્રોનું પણ વધારે મહત્વ છે. દેવી દેવતાઓના વસ્ત્રો પણ સાત્વિક હોય છે. આપણે ઓછામાં ઓછું જે ગુજરાતી પૂર્વાપર પોશાક છે, સ્ત્રીઓ ગુજરાતી સાડી અને પુરુષો ધોતી અને સદરો. એમાં સાદી સાડી અથવા ઝબ્બો,પાયજામો કે સલવાર પહેરી શકાય. અથવા સ્ત્રીઓ સલવાર કમીઝ (સૂટ) અથવા પુરુષો નોર્મલ પેન્ટ શર્ટ પહેરે તો ખુબજ યોગ્ય લાગે છે. એનાથી તરતજ વ્યક્તિત્વ માં તેજ અને ગર્વ અનુભવ થાય છે.

શાળા, ન્યાયાલયો, કેટલાક એરલાઇન્સ મોટા મોટા શોરૂમ સોની ની દુકાનો એમાં પણ પોશાકના સંદર્ભે નિયમો લાગુ હોય છે તે પાળવામાં આવે છે તો ધાર્મિક સ્થળો પર એટલે મંદિરોમાં જતી વેળાએ પણ સ્વયંશિસ્ત અપનાવીને યોગ્ય પોશાક કરવો જોઈએ.

ઘરે આધુનિકતાના નામ હેઠળ બાળકોનું સંગોપન કરતી વેળાએ આપણે ભારતની ઉજ્જવલ પેઢીના ઘડવૈયા છીએ એનું ભાન પ્રત્યેક વાલીઓએ રાખવું જોઈએ. આવનાર કાળમાં આપના સહુના સહિયારા પ્રયત્નોથી આ ચિત્ર નિશ્ચિતજ બદલાશે.અને ફરીવાર મંદિર એ ચૈતન્યના સ્રોત, આનંદની અનુભૂતિ આપતા કેન્દ્રો અવશ્ય બનશે.

**-શીલા દાતાર, અમદાવાદ**

## સારુ સ્વાસ્થ્ય પડકારજનક



વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન એ જાહેર આરોગ્ય માટે કાર્યરત આંતરરાષ્ટ્રીય સંસ્થા છે કે જે વૈશ્વિક સ્વાસ્થ્યને લગતા મહત્વના વિષયો તરફ સમગ્ર વિશ્વનું ધ્યાન દોરે છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા સાતમી એપ્રિલના દિવસને વિશ્વ આરોગ્ય દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. આ દિવસની ઉજવણી પાછળનો ઉદ્દેશ લોકોને સ્વાસ્થ્ય પરત્વે જાગ્રત કરવાનો છે. બિનઆરોગ્યપ્રદ જીવનશૈલીને પરિણામે ગંભીર બીમારીનો લોકો ભોગ બની રહ્યા છે. દર વર્ષે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વર્લ્ડ હેલ્થ ડે ની ઉજવણી માટે એક ખાસ થીમ નક્કી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ માટે થીમ છે હેલ્ધી બીગીનીંગસ , હોપફુલ ફ્યુચર્સ અર્થાત સ્વસ્થ શરૂઆત , આશાસ્પદ ભવિષ્ય કોઈપણ વ્યક્તિ માટે એનું આરોગ્ય એના માટે સૌથી મોટી મૂડી છે. ૨૧ મી સદીમાં આધુનિક આરોગ્ય સેવાઓ વધી રહી હોવા છતાં લોકોની ખાવાપીવાની ખોટી આદતોને પરિણામે અનેક બીમારીઓનો લોકો ભોગ બને છે. એવા અનેક કારણો છે કે જેને પરિણામે સારું સ્વાસ્થ્ય જાળવી રાખવું પડકારજનક બની રહ્યું છે. પર્યાવરણીય પ્રદૂષણની સીધી અસર વ્યક્તિના સ્વાસ્થ્ય પર પડે છે. ગ્લોબલ વૉર્મિંગ આરોગ્ય અને આહારને અસર કરે છે. ગરીબીને કારણે નિમ્ન આવક ધરાવતા લોકો કુપોષણનો ભોગ બને છે. સ્વસ્થ રહેવા માટે સારી આદતો ખૂબ જ જરૂરી છે. કમનસીબે દારૂ અને ડ્રગ્સનું વ્યસન યુવાનોમાં વધતું જાય છે પરિણામે નવી પેઢીના સ્વાસ્થ્ય માટે એ પડકારરૂપ બને છે. નવી નવી શોધખોળને પરિણામે લોકોની ફિઝિકલ એક્ટિવિટી ઘટતી જાય છે. માણસ કુદરતના સાંનિધ્યથી દૂર થતો જાય છે. મોબાઈલમાં રચ્યાપચ્યા રહેતા લોકોમાં તણાવ કે સ્ટ્રેસનું પ્રમાણ વધતા તેઓ અનેક બીમારીના ભોગ બને છે. આજે આપણે સૌ વ્યસ્ત જીવન જીવી રહ્યા છે. બેઠાડું જીવનશૈલીની પણ સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર થાય છે. જો સ્વાસ્થ્ય સારું હોય તો જીવનની દરેક મુશ્કેલીઓ ખૂબ જ સરળ લાગે છે. ચાલો , વિશ્વ આરોગ્ય દિવસે આપણે સૌ સંકલ્પ કરીએ કે આપણું સ્વાસ્થ્ય સારું રહે તે માટે નિયમિત કસરત કરીશું, આરોગ્યપ્રદ અને સંતુલિત ભોજન લઈશું, યોગ, એક્સરસાઇઝ, મેડીટેશન વગેરેને જીવનમાં અપનાવીશું. પોતાની જાતનું જતન કરવા માટે સૌને હાર્દિક અનુરોધ કરું છું.

**- ડૉ. જે.એમ. નાયક, નવસારી**

## દરેક હિન્દુ વકફ બીલ ચર્ચાથી જાગે : દેશ સનાતન ધર્મ બચાવ



ભારત વર્ષના ઉપલા સંસદ ગ્રહ- રાજ્યસભામાં રિજુજી લોકસભા માં પારિત વક્ફ સંશોધન બિલ તા.૩-૪-૨૫ના૧૩ કલાકે રજૂ કર્યું. તેમણે કહ્યું કે વ્યાપક ચર્ચા પછી તૈયાર કરાયેલ બિલ JPC- સંયુક્ત સંસદીય સમિતિએ ને મોકલવામાં આવ્યું હતું. વક્ફ પર જેટલું કામ JPCએ કર્યું તેટલું કોઈ સમિતિએ કર્યું નથી. મોડી રાત સુધી ચર્ચા બાદ લોકસભામાં તરફેણમાં ૨૮૮ અને વિરોધમા ૨૩૨ પડતા ૫૬ વધુ હોય આ બિલ પસાર થયું.

પરંતુ આદિ સનાતન ભારત વર્ષમાં પૂરોગામી કોંગ્રેસના મહાનુભાવો, તેમના અનેક અન્ય પક્ષના સમર્થકો એ સનાતન ધર્મ નામશેષ કરવા, વિધર્મીની મતબેંક તરફેણમાં રાખવા, બંધારણમાં છેડછાડ કરી અકલ્પનીય નુકસાન કર્યું છે. શાસક પક્ષની દલીલોએ વિપક્ષને ઉઘાડા પાડ્યા. ભારતના ૨૩૨ સાંસદ ભારત-સનાતનવિરોધી હોવાનુ

ટીવીના જીવંત પ્રસારણથી પ્રજાએ જોયું.

હવે યક્ષ પ્રશ્ન તરફ તમારું ધ્યાન ગયું ?

વક્ફ સંશોધન બિલ લોકસભામાં બહુમતી સાથે પાસ થયું.

સંશોધન વાળા નવા વક્ફ બિલ ના વિરોધ માં ૨૩૨ લોકો હતાં ! આ ૨૩૨ સાંસદમાં મુસ્લિમ સાંસદ કેટલાં હતાં ? માત્ર ૨૪ મુસ્લિમ, બાકી ૨૦૮ સાંસદ નેતા હિન્દુ છે.

આનો અર્થ એ થયો કે ભારતની ભૂમિ વક્ફ બોર્ડ છીનવી લેશે અને ૨૦૮ હિન્દુ નેતા-સાંસદ તેમને સાથ આપશે!

૮૦૦ વર્ષ ભારત વર્ષ એ ગુલામીમાં કેમ રહ્યું તેનું આ દેખિતું પ્રમાણ છે... જ્યાં સુધી હિન્દુઓ સનાતનમાં હિન્દુ વિરોધી તત્વો સક્રિય રહેશે ત્યાં સુંધી વિધર્મી ને કોઈ આંચ નહીં આવે.

ગુજરાતના ૨૬ સાંસદમા એકમાત્ર વિપક્ષી સાંસદ કોંગ્રેસના બનાસકાંઠાના ગેનીબેન ગનાજી ઠાકોરે મેન્ડેટની અવગણના કરી સનાતન ધર્મ હિન્દુ ધર્મમાં આસ્થા હોય તો તેની તરફેણમાં મતદાન કરવું જોઈતું હતું, પણ કોંગ્રેસની વફાદારીમા મતદારોને હળાહળ અન્યાય કર્યો.

કોંગ્રેસી અંધભક્ત મતદારો જાગે અને જાકારો આપે તે હાલના સમયમાં તીવ્ર જરૂરિયાત છે. ડૉ. શુભાંશુ ત્રિવેદી એ રાજ્યસભામાં સચોટ આધારભૂત વક્તવ્ય રજૂઆતો કરી પુરોગામી સરકારે સનાતન અને દેશને કેટલું ભરપૂર નુકસાન કર્યું તે બધા સાંસદો સમક્ષ રજૂ કર્યું. એકમાત્ર બીજુ જનતા દળ (ગ્જ્ઞ) એ વક્ફ બિલ પર કહ્યું છે કે પાર્ટીએ તેના સાંસદોને કોઈ વ્હીપ આપ્યો નથી. સાંસદોએ પોતાના અંતરાત્માની વાત સાંભળવી જોઈએ અને વક્ફ બિલ પર નિર્ણય લેવો જોઈએ. આ રીતે લોકસભાના ૨૩૨ અને રાજ્યસભાના ૯૫ સાંસદો આત્મખોજ કરી ભારત દેશ- સનાતન ધર્મ પ્રત્યે ધર્મ વિરોધી પક્ષો( મતબેંક માટે)ના બદલે વફાદારી બતાવે તે સમયની લોક માંગ છે જેથી આદિ અનાદિ સૂત્ર વસુધૈવ કુટુંબકમ્ સાર્થક થાય. પરમાત્મા સૌને સદબુદ્ધિ આપો.

**-વિનોદ મિસ્ત્રી, ખેરગામ**

## જે છે એને સાચવીએ!!



મેળવવું અને ગુમાવવું સહેલું છે.

પરંતુ મુશ્કેલ છે જે મળ્યું છે એને સંભાળીને રાખવું.

માણસને કંઈક મળે ત્યારે એના માટે પૃથ્વી ઉપર સ્વર્ગ હોય એવું અનુભવે. પરંતુ કશુંક પ્રાપ્ત ન થાય ત્યારે? એનાથી દુ:ખી જીવ આ બ્રહ્માંડમાં કોઈ ન જડે. હંમેશા ભૂતકાળ અને ભવિષ્યમાં રહેવા ટેવાયેલો માનવી વર્તમાનમાં જીવવાનું ચૂકી જાય છે અને એને ત્યાં જ એની ભૂલ થાય છે.

બધું જ મેળવી લીધા પછી કંઈપણ ગુમાવવાનો ડર ન હોય એ જ સાચું ધન. કારણ આ જગતમાં જે કંઈ મળે છે અથવા તો મેળવીએ છીએ એને સાચવવા સતત ચિંતનશીલ અને પ્રયત્નશીલ રહીએ છીએ. વળી,એને ગુમાવવાનો સતત ડર પણ રહે છે. જેથી વર્તમાનમાં પણ આપણે જીવી નથી શકતા. આપણે જાણીએ છીએ કે અહીં કશુંયે સ્થાયી નથી ત્યારે આ ખોટા વલખાં કેમ મારવા? આવનારી ક્ષણ વિશે આપણને ખબર નથી તો ભવિષ્યની ચિંતા શા માટે કરવી?

એક વાત હંમેશા યાદ રાખવા જેવી છે કે, બીજાને એના નસીબનું મળે છે અને આપણને આપણી મહેનતનું. અને જે મહેનતનું મળે છે એ ક્યારેય ક્યાંય નથી જતું. કારણ કે એ આપણાં ભાગ્યનું હોય છે.

જ્યારે જે અને જેટલું મળે એને સ્વીકારીને સંભાળીને રાખીએ તો પણ જીવન સરળતાથી નીકળી જાય એમ છે.

આપણો એક સ્વભાવ છે જે મળ્યું છે એને માણતા આવડતું નથી અને જે નથી મળ્યું એને મેળવવા જાતજાતના અખતરા કર્યા કરીએ છીએ અને જ્યારે એ વ્યક્તિ કે વસ્તુ ન મળે ત્યારે નાસીપાસ થઈ જઈએ છીએ. જીવન પાસે કશુંક માંગવા કરતાં, કશુંક ઈચ્છા રાખવાં કરતાં જરૂરિયાત પૂરતું લઈને જીવનને માણતા રહેવું એ પણ અંત સુધી.

એક દિવસ આપણે સૌએ અહીં બધું જ મૂકીને જતાં રહેવાનું છે તો શું કામ બધું પકડી રાખવું છે. આપણાંમાંથી જેટલું વધુ, જલ્દી છૂટતું જશે એટલાં વધુ મુક્ત આપણે થતાં જઈશું અને મુક્તિના દ્વાર આપણે જ આપણાં માટે ખોલી શકીશું. મુક્તિ પણ આપણને ત્યારે જ મળે છે જ્યારે આપણે સંપૂર્ણપણે ખાલી થઈ જઈએ. અસ્તિત્વનો આનંદ અને વર્તમાનનો સ્વીકાર આજ જીવનની ફિલસૂફી છે. જન્મ સાથે જ મૃત્યુ જોડાયેલું હોય છે. અસ્તિત્વની શરૂઆત જ અંત તરફ લઈ જાય છે. વળી, નામ તેની પણ નાસ્તિ. આ બધાં જ સત્ય વચ્ચે એક પરમ સત્ય છે જેનું અસ્તિત્વ હંમેશાં બ્રહ્માંડમાં રહે છે.અને એ છે પ્રેમ!

**- કિંજલ પંડયા, પારડી**

## સુખ પામવા માપમાં રહેવું પડે....!



માણસ આજે બીજાઓનું અનુકરણ કરતો થયો છે, ત્યારથી દુ:ખી થતો જોવા મળી રહ્યો છે. અનુકરણ કરવું, મોટાપણું બતાવવું, ખોટા આડંબરો કરવા, આવા અનેકો પરિબળોને કારણે આજે મોટાભાગના માનવીઓ દુ:ખના દરિયામાં ડૂબતા નજરે પડે છે. તત્વજ્ઞાનની દ્રષ્ટિએ વિચારીએ તો કોઈની સાથે કોઈની સરખામણી ન શોભે. માણસને જે અવસ્થા મળી છે એને સ્વીકારી લેવી જોઈએ. ચકલી ગરુડ થવાનો પ્રયત્ન કરે તો ત્યાંથી જ દુ:ખનો પ્રારંભ થાય. માણસને જન્મ મળે પછી વય અને સમજણ વધે, ત્યારે એણે નક્કી કરવાનું છે કે ચકલીની જેમ જીવવું કે ગરુડની જેમ. માણસને પોતાનું માપ હોવું જોઈએ. એટલે કે પોતે શું કરી શકે છે, અને પોતે શું કરી શકે એમ નથી. એનો આધારભૂત અંદાજ હોવો જોઈએ. આ અંદાજ જ અગત્યની વસ્તુ છે. દેડકો ફુલાય તો એ હાથી ન થાય. પોતાનું માપ કાઢ્યા પછી સંકલ્પ અને પુરુષાર્થનું પાકું પીઠબળ હોય તો જ માણસ કશુંક પ્રાપ્ત કરી શકે. કોઈપણ વિચાર જ્યાં સુધી તીરની ગતિએ આચાર સુધી પહોંચતો નથી ત્યાં સુધી કશુંજ શક્ય નથી. ગરુડની પેઠે ઊંચે ને ઊંચે આકાશમાં ઉડીને વાદળના વન વીંધવા છે કે, ચકલી જેમ આછું ને આછું ઉડીને ધૂળમાં આળોટયા કરવું છે? એ માણસે નક્કી કરવાનું છે. અને એ પછી એવું જીવન જીવવાનું છે. તમારે તુચ્છ થઈને જીવવું છે કે ઉચ્ચ થઈને ? તમારે કંઈક કરીને જીવવું છે કે કંઈ પણ કર્યા વિના મરી મરીને જીવવું છે? ઈશ્વર જીવન આપે છે પસંદગી માનવે કરવાની છે.બધાને જે આપ્યું છે તે તને પણ આપશે, થોડી ધીરજ રાખ ને સુખ પણ જરૂર આવશે.

**- અશરફ ચુડાસમા, ભીલાડ**

## બોલીવૂડના બાદશાહ ભારતકુમારની ખોટ

બોલીવૂડ અભિનય સમ્રાટ પીઢ દિગ્ગજ અભિનેતા મનોજકુમારની ચિરવિદાય કરોડો સિનેરસિકોની આંખોમાં આંસુ લાવી દીધા. તેઓ ૮૭ વર્ષની વયે આ દુનિયાને અલવિદા કહી છે. દિગ્ગજ અભિનેતાના અવસાનથી બોલીવૂડમા તથા કરોડો ચાહકોમાં શોકની લહેર પ્રસરી ગઈ છે.

બોલીવૂડના બાદશાહ ભારતકુમારની ખો સ્વર્ગીય મનોજકુમારના કરોડો ચાહકોમાં અભિનયના બાદશાહ હતા. ફિલ્મ પરદે ભિન્ન ભિન્ન પ્રકારની ભૂમિકાને સરસ ન્યાય આપી પ્રેક્ષકોની અઢકળ દાદ મેળવી ગયા. અવલ્લ કક્ષાના અભિનય ક્ષેત્રે પ્રેક્ષકોના માનસપાટ પર અનોખી છાપ છોડી હતી. એમને સાત ફિલ્મફેર એવોર્ડ મળ્યા હતા. પહેલો ફિલ્મફેર એવોર્ડ ૧૯૬૮મા ફિલ્મ ઉપકારમા મળ્યો હતો શ્રેષ્ઠ દિગ્ગદર્શક, શ્રેષ્ઠ વાર્તા અને શ્રેષ્ઠ સંવાદ માટે ચાર ફિલ્મફેર એવોર્ડ જીત્યા. ૧૯૯૨મા તેઓ પદ્મશ્રી, ૨૦૧૬ મા તેમને દાદાસાહેબ ફાળકે પુરષ્કારથી નવાજવામાં આવ્યા હતા. દાદાસાહેબ ફાળકે પુરુસ્કાર વિજેતા મનોજકુમાર ફિલ્મજગત ના પ્રેરણાશ્રોત અને ફિલ્મઉદ્યોગના મહારથી હતા.મનોજકુમારની ફિલ્મોમાં દેશભક્તિ છલકાતી હતી. તેઓ ભારતીય સિનેમાના પ્રતિક હતા ખાસ કરીને તેમને દેશભક્તિના ઉત્સાહ માટે મનોજકુમાર ભારતીય સિનેમાના ભારતકુમાર તરીકે જાણીતા હતા. મનોજકુમારની ખોટ એમના ચાહકો અને ફિલ્મજગતને કાયમી રહેશે.

**- ચંદ્રકાન્ત ટંડેલ, મગોદ ડુંગરી**

## અબોલ જીવોની વ્યથા




માણસ એક સામાજિક પ્રાણી છે. ભગવાને બનાવેલી સૃષ્ટિની સર્વોત્તમ રચના એટલે માનવજાત. માણસ એટલો હોંશિયાર અને ચતુર છે કે, ધરતીમાંથી અનાજ ઉગાડો શકે, દરિયામાંથી મોતી વીણી લાવે, આકાશમાં પંખીની જેમ ઊડી શકે અને અંતરિક્ષમાં જઈ તારાઓ વચ્ચે વિહરી શકે. કાળા માથાનો માનવી ધારે તે બધું જ કરી શકે છેંપણ માનવતા દાખવી શકતો નથી. ભગવાનનો બનાવેલો માણસ ભગવાનને પણ છેતરી શકે છે. એનું અસીમ શક્તિ ધરાવતું મસ્તિષ્ક રોજ અવનવી ખોજ કરી પ્રગતિ તરફ હરણફાળ ભરે છે. આ માણસની જેટલી વાતો કરીએ તેટલી ઓછી પડે. ભગવાને એને ઘડતી વખતે એક મગજ અને એક કોમળ હૃદય આપ્યું જેથી માત્ર યંત્રવત્ જીવવાને બદલે પ્રેમાળ લાગણી સાથે ધરતી પર જીવી શકે. પરંતુ વિકાસની ગાંડી દોડ પાછળ માણસ ખુદને ખુદા સમજીને વર્તવા લાગ્યો છે. આ ધરતી, વાયુ, પાણી, જંગલ બધુ કાંઈ એકલા માણસ માટે સર્જાયું નથી. આ ધરતી પર બીજા અબોલ જીવોનો પણ સમાન અધિકાર છે. બિચારા મૂંગા જીવ વર્ષોથી માણસની સાથે મિત્ર બની એને સાથ આપતા આવ્યા છે અને માણસ ઘાતકી બની એને પીડા આપવા સિવાય બીજું કંઈ કરતો નથી. માણસે હાથીની અંબાડી પર બેસી રોફ જમાવ્યો તો યુધ્ધના મેદાને એના સહારે જીત મેળવી. ઘોડા પર સવારી કરી ને બિચારા ગધેડાં પર બોજ લાદી દીધો. કૂતરા પાસે રખેવાળી કરાવીને ગાયને માતાનું બિરુદ આપી એનું શોષણ કર્યું. માણસે હજારો વર્ષોથી ભેંસ, બકરી, ઊંટ, ઘેટાં, બિલાડી, હરણ, સસલા, વાંદરા, મગર, સિંહ, વાઘ, રીંછ અરે નામ લ્યો એટલા ઓછા પડે એ બધા ઘર આંગણાના પ્રાણી ને જંગલી હિંસક પ્રાણીઓનો પોતાના સ્વાર્થ મુજબ ઉપયોગ કરી રહ્યાં છે અને એનો નાશ કરી રહ્યા છે. મરઘી, માછલી કે કરચલા કે નાનકડા જંતુ ને જીવો પણ એનો આહાર બની ગયો પણ માણસની હેવાનિયત ઓછી થતી નથી. ધીરે ધીરે જંગલોનો નાશ કરી નામમાત્ર અભયારણ્ય બનાવીને અબોલ જીવોનું નિકંદન કાઢી નાખ્યું. પ્રાણી તો ઠીક પક્ષીઓ પણ એની ક્રૂરતાનો ભોગ બની ગયા છે. કબૂતર પાસે સંદેશો મોકલતા ને પોપટને પાંજરે પૂરી મનોરંજન મેળવતા, કાગડાને કાગવાસ નાખી એનું નિકંદન પણ કાઢી નાખ્યું. બિચારી ચકલી તો હવે વિનાશના આરે આવીને ઊભી છે. મોરને એની સુંદરતાની કિંમત જીવ ગુમાવીને ચૂકવવી પડે છે. બધા જીવો લાખ પ્રયત્નો કરવા છતાં માનવજાતને ઉપયોગી હોવા છતાંય વિનાશની કગાર પર પહોંચી ગયા છે. તેલંગાણા સરકારે વિકાસના નામ પર આ મૂંગા નિર્દોષ જીવોના ઘર પર બુલડોઝર ચલાવી સ્મશાન ઉભુ કરી નાખ્યું. રાક્ષસોને પણ શરમાવી મૂકે એટલી ક્રૂરતાનું તાંડવ જોઈ કોઈના પેટનું પાણી પણ હાલતું નથી. ક્રિકેટ મેચ જીતવા પાછળ લાખો રૂપિયાના ફટાકડા ફોડી નાખવા વાળા, ભંડારામાં જમાડીને પુણ્ય કમાવા વાળા, Save Nature ના નામ પર લાખો - કરોડોની ગ્રાન્ટ ખાઈ જવા વાળા, પોતાની જાતને પર્યાવરણપ્રેમી બતાવનારા સેલિબ્રિટીઓ, હીરો ને હિરોઈનો, નેતાઓ ને -શાસન વગેરે ભૂગર્ભમાં સંતાઈ ગયા છે. હૈદરાબાદમાં નિર્દોષ જીવો જીવતા હોમાઈ ગયા ને કેટલાયે મરી ગયાં ત્યારે માત્ર વૉટ્સએપ પર, snap chat પર, facebook પર, Instagram માં reels બનાવીને શોક વ્યક્ત કરનારા નપુંસક મહાનુભાવો અને સમાજના અગ્રણીઓ ખાલી દેખાડો કરી રહ્યા છે.

એવામાં એક હાથી પોતાના સાથીઓ અને જંગલને બચાવવા બુલડોઝરને રોકવા ગયો અને ગંભીર રીતે ઘવાઈ ગયો. આ અબોલ, માસૂમ જીવોની સહાયતા માટેની પોકર ઈશ્વરે સાંભળી અને કોર્ટ દ્વારા આ મોતનું તાંડવ રોકવા હુકમ કરાયો. પણ આખી ઘટના માણસની ક્રૂરતાની હદને ઉજાગર કરતી ગઈ, જ્યાં સાચા પર્યાવરણપ્રેમી બનવાનો ઢોંગ કરનારા તમાશો જોઈ રહ્યાં અને પ્રાણીઓ પોતે જ સ્વબચાવ કરવા મજબૂર બન્યા. આવા કેટકેટલાંએ જુલમ માણસ જાનવરો પર કરતો આવ્યો છે અને આજે પણ તમે એનું શોષણ થતું જોઈ શકો છો. આ બધા જીવોની હાય.... માણસ માટે ચોક્કસ પ્રલય લાવશે. માટે પ્રભુએ આપેલી ધરતીના માલિક બનવાને બદલે એના ચાકર બની, રખેવાળ બનીને જીવવાથી સાચી પ્રગતિ, ઉન્નતિ અને સફળતા મળશે.

**- નીતા પી. જાદવ ( રાજકોટ)**

## લગ્ન જીવનનો સામાજિક દૂષણ છૂટાછેડા



લગ્ન એટલે પવિત્ર બંધન બે આત્માઓનું મિલન તેમજ બે અલગ અલગ શરીરમાં વસતા એક આત્માનો સરવાળો એટલે પ્રેમ આજથી ૫૦ વર્ષો પહેલાંનું લગ્ન જીવન પતિ પત્નીના સુખ દુ:ખના સથવારા સાથે કેવું પ્રેમ અને શિસ્તમય સુખી અને સંતોષી હતું. એકબીજાના સહકારથી સંસારનું ગાડુ સંપથી અને શિસ્તમય રીતે ચાલતું જે થકી સંસારમાં આવતા જે તે વીઘનો એકબીજાની આવડત અને કુને તે પાર પાડતા મતલબ કે ત્યારે સંસારમાં સ્ત્રીઓનું સ્થાન માન ભર્યું ગણાતું કુટુંબીઓ અને સગા વાલા તેમજ એમના પરિવાર સાથેના સંબંધો ના સંબંધો સુમેળ ભર્યા હતા સામાજિક પ્રસંગોની ઉજવણીમાં તાલમેલ આકર્ષિત બનતો સમાજમાં કે કુટુંબોની વહુઓ માન મર્યાદા જાળવવા તેઓ વડીલોને જોઈને માથા પર છેડો મૂકીને ભારતીય સંસ્કૃતિની આદર્શ નારીનું પ્રતિક રૂપ નારી બની જતી સાચા અર્થમાં કુટુંબમાં કે સમાજમાં સ્ત્રીનો જયઘસ જોવા મળતો ત્યારના સમયમાં છૂટાછેડા જેવો શબ્દ ભાગ્યે જ સાંભળવા મળતો અનિવાર્ય સંજોગોમાં અપવાદ માં કોઈ પતિ-પત્નીમાં અગમ્ય કારણોસર છુટાછેડાનો પ્રસંગ ઉદ્ભવતો ત્યારે એક દિવસ સામાજિક ધરતીકંપનો આંચકો સૌ અનુભવતા.

તાજેતરના નવ પરણીત યુગલોના દાંપત્ય જીવનમાં ડોકિયું કરતા જોવામાં આવશે તો છૂટાછેડા એક રમત જેવી બની જવા પામ્યો છે જેના અહેસાસ આજની ૨૧મી સદીમાં સામાજિક જીવનમાં જોવા મળે છે. જણાવેલ સામાજિક પરિસ્થિતિ નિર્માણ કરવામાં પ?િમની જીવનશૈલી ચલચિત્રો આજની સામાજિક ટીવી સિરિયલો એ તો પતિ-પત્નીના સંબંધોમાં એવી તિરાડ પાડી છે કે જેના થકી છૂટાછેડા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેવા પામતો નથી અંતે જીવનને ટૂંકાવી નાખવાના જે તે રસ્તાઓ અપનાવીને આજની નારી અચકાતી નથી. આજની શૈક્ષણિક જે તે પદવીઓ પ્રાપ્ત કરવામાં યુવાન પતિ કરતા આજની યુવાન પત્નીઓને મોખરા નું સ્થાન સમાજમાં પ્રાપ્ત કર્યો છે જેના થકી આજેવિકા માટે જાણીતી છે તે બેંકો કંપનીઓ શૈક્ષણિક સંસ્થાઓ વગેરેમાં આકર્ષક આર્થિક સદરતાનો પાયો નારીઓમાં વધુ જોવામાં આવે છે જેનાથી અહમની ગાંઠ છૂટાછેડા નિમિત બની જવા પામે છે વાલીઓથી અલગ ઘર વસાવીને વાત માટે પતિદેવના કાન ભમરતી જ હોય છે જે વાતથી કુટુંબના ગૌરવમાંથી રાડ પડે છે મોજ શોખ વાળું જીવન જીવવા માટે અભરખાઓ આજની નારીઓમાં વધુ જોવા મળે છે રજાના દિવસે જાણીતી હોટલોમાં ખાવા જવું એ એમના જીવનનો મુદ્દા લેખ બની જવા પામ્યો છે લગ્નમાં પહેરવા માટેના વસ્ત્રોની ખરીદી તેમજ સોના મહોરોની ખરીદી આજની મોંઘવારીના સમયમાં કેવી રીતે પરવડી શકે તે વિચારવા માત્રથી વડીલો તેમજ પતિ દેવો મૂંઝવણમાં મુકાઈ જવા દાંપત્ય જીવનમાં કડવાસ અને કલહના પ્રસંગો નિર્માણ થવા પામે છે જેનું પરિણામ છૂટાછેડામાં આવે છે જેના અંતર્ગત યુવાન પત્નીઓના આપઘાતના કિસ્સાઓ બનવા પામે છે અંતે તમારો દાંપત્ય જીવન સુખી તંદુરસ્ત મય તથા એકબીજાના વિચારોમાં સામ્યતા કેળવી સંસારને ગુલાબના ફૂલ જેવા સુગંધી બનાવનારી તું નારાયણ એ જ સૂત્ર આજની નારી સફળ બનાવે એ આજનો પ્રેરક સંદેશ જીવનમાં ઉતારવો જોઈએ.

**-હર્ષદ દેસાઈ, વટાર**

**દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ.**

## કેવો તે ગજબ ટ્રેન્ડ છે,, સુંદર ચહેરો છતાં કાર્ટૂન છે.??



મન મોહી જાય
જો ચહેરો તમારો
સામે આવી જાય,
હરખના
અભારડા એવાતે
છલકાઈ જાય,
જો એક નજર
તારી મારા પર પડી
જાય,
મનનો આકાશ તારા રંગે રંગાઈ જાય,
શું કુદરતની આ ભેટ છે ?
ચેહરો તારો ગુલાબનું ફૂલ છે.
નૈનોમાં એવું ખોવાઈ જાય ,
સીધું કાળજામાં સમાઈ જાય,
સાંજનો ચાંદ તો હર રાતે ઊગે ,
પણ તારો ચહેરો સૌરભ જેવો મહેકે,
નથી મને બીજી કોઈ આશા,

બસ ચહેરો તારો મારા હૃદયમાં છુપાઈ જાય . શું કહું પ્રેમની પરિભાષા શબ્દોમાં વર્ણવી હોય તો કોઈ કવિને પૂછો. પ્રેમની પરાકાષ્ઠા એકબીજાની આંખો ચાર થાય અને મુખથી મુખ શરમાઈ જાય. કોઈને કોઈ એકબીજા માટે બન્યા જ હોય છે. અને એકબીજાની એમના રૂપ, રંગ હાવ તેમની સુંદરતાથી એકબીજાને અતૂટ બંધનથી બંધાતા હોય છે. સંસારના બધાજ સંબંધો પિતા, પુત્રી, પુત્ર, માતા, ભાઈ, બહેન,પતિ, પત્ની કે સખી સખા, વાહલા બને જ્યારે એકબીજાને પોતાની આંખોથી એમને પોતાના હૈયે છાપે. આંખો બંધ કરતા વહાલ સોયની તસવીર દેખાય અને પ્રેમની લાગણી છલકાઈ. પણ હાલ નવો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. ઈશ્વરે જે સુંદર ચહેરો આપ્યો છે. જે ભગવાને તમને સુંદરતા બક્ષી છે. એ આંખો જેમાં તમારા સ્નેહીની ઝલક દેખાય, તેનાથી આ સંસાર તો એકબીજાના અતૂટ બંધનથી બંધાયેલા છે. પણ હાલ એવી લહેર ચાલી રહી છે જેમાં લોકોએ તેને કાર્ટૂન જેવા રૂપમાં બદલી રહ્યા છે. ગીબલી એનિમેટેડ આર્ટ સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ પર વ્યક્તિત્વની ઓળખ બનાવી રહી છે .લોકો પોતાને, વસ્તુઓને કાર્ટૂન કે એનિમેટેડ ગ્રુપમાં દર્શાવી રહ્યો છે. લોકો આજે સોશિયલ મીડિયાના એવા ગાંડા ટ્રેન્ડોમાં ફસાઈ રહ્યા છે. જેની કોઈ હદ જ નથી. પોતાના ચહેરા અને પોતાની યાદોને પોતાના વીતેલા અનમોલ પ્રેમને તેઓ કાર્ટૂનમાં દર્શાવી આનંદ પામી રહ્યા છે. અને આ ટૂંક સમયમાં જ લોકપ્રિય ગાડરીયા પ્રવાહની જેમ ટ્રેન્ડ બની જશે.એક વખત હતી જ્યારે ટીપણી અને બાળકો ને આકર્ષવા કાર્ટૂન બીનતા હતા. આજે તમે જોશો રીલ, શોર્ટ પર કોઈ એક વસ્તુ,સોંગ વાયરલ થાય તો પછી લોકો તેની પાછળ પાછળ કોપી પેસ્ટ કરવા જ લાગે છે. facebook, twitter, youtube પર એક હોળ જેવી ઉઠે છે. વાત એ પણ નથી. વાત એ છે કે આ પોતાને કાર્ટુન બનાવવાની હોળની માનસિકતા સમજવી અઘરી લાગે છે. સમજી શકાય કે એના પણ પાસા ઘણા હોઈ શકે. લોકો પોતાનો ચહેરો ક્યારે ન દેખાય માટે કાર્ટુન નિષ્કર્ષ છે. તો કેટલાક લોકો પોતાનો એક જુદુ કલ્પનાત્મક સ્વરૂપ જોવા ઉત્સાહિત છે. કદાચ તેમને અલગ ઓળખ આપી શકે. ક્યાં તો સ્ટાન્ડર્ડબ્યૂટીથી અલગ કાર્ટૂન અથવા ડિજિટલ રૂપમાં લોકો વધુ આકર્ષક પોતાને બનાવી શકે. અથવાતો કેવી રીતે કામ કરે છે તે જાણવા લોકો આવા ટ્રેન્ડ બનાવી રહ્યા છે. પોતાને જુદા અંદાજમાં જોઈ કંઈક ખુશી મેળવતા હોય પણ કલ્પના અને હકીકત એ બે વસ્તુમાં ઘણો ફરક છે. આવી માનસિકતા અનુભવ સર્જનાત્મક અને મનોરંજન માટે છે તો બધું સારું છે. પણ હકીકતથી દૂર જવા લાગશે પણ અતિરેકમાં જશે તો તેનો પ્રભાવ વ્યક્તિગત રીતે થવા લાગશે. જો આત્મવિશ્વાસ કાલ્પનિક બનીને જ ન રહી જાય તે સમજવું જરૂરી છે. ટ્રેન્ડને મજા અને સંતુલનમાં રાખીએ ત્યાં સુધી તે શ્રેષ્ઠ છે. નહીંતર કલ્પનાની દુનિયા ખૂબ મોટી છે. તેનો ચક્રવ્યુ ઘણો મોટો છે. તેમાં ફસાયેલ કદી બહાર આવી શકતા નથી.

**-જ્યોતિ યુ. પંડયા, અતુલ**

# બલીઠા હાઈવેથી છીરી જોડતો રસ્તો બનાવવાની કામગીરી શરૂ

**નેશનલ હાઈવે બલીઠાથી દમણગંગા કેનાલની બાજુમાંથી બલીઠા, છરવાડા, છીરી થઈ વાપી ઉદ્યોગનગર અને સંઘપ્રદેશ તથા કપરાડાના ગામડાઓમાં જતા લોકો માટે ઉપયોગી આ માર્ગ બનશે**



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૯ :** વાપી નેશનલ હાઈવે બલીઠા બ્રહ્મદેવ મંદિરથી નહેર ની બંને બાજુએ છીરી પોલીસ મથક સુધીનો રસ્તો બનાવવાની કામગીરી શરૂ કરાય આ રસ્તો સંપૂર્ણ બની ગયા બાદ ટ્રાફિકની સમસ્યા હલ થવાની શક્યતા પણ રહેલી છે સાથે અનેક વિસ્તારને ખૂબ જ ઉપયોગી થઈ પડશે.

વાપી માં ટ્રાફિકની ભારે સમસ્યાને ધ્યાને લઈ થોડા સમય પહેલા જ ગુજરાત રાજ્યના નાણાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી તેમજ સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈ દ્વારા વાપી તાલુકાના બલિઠા ગામથી પસાર થતી દમણ ગંગા નહેરની કેનાલની બંને બાજુએ છીરી ગામ માં આવેલ પોલીસ મથક મુખ્ય માર્ગ ને જોડતો લગભગ ચાર કિલોમીટરનો રસ્તો બનાવવાની કામગીરીનું ખાતમુરત કરવામાં આવ્યું હતું જે માર્ગ હાલમાં બની રહ્યો છે જેને લઈ અનેક લોકો નેશનલ હાઈવે નંબર ૪૮ થી બલીઠા થઈ સીધા છરવાડા છીરી થી વાપી ઉદ્યોગ નગર અને સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી તથા કપરાડા વિસ્તારના ગામડાઓમાં આવવા જવાનું માટે લોકોને સરળતા રહેશે જેને લઈ આ માર્ગ બન્યા બાદ વાપી જીઆઈડીસી તથા ટાઉનમાં ટ્રાફિકની સમસ્યા પણ હલ થવાની શક્યતા છે આ માર્ગ બનાવવાની કામગીરી હાલમાં ખૂબ જ પુરજોશમાં ચાલી રહી છે અને ચોમાસા પહેલા આ માર્ગનું કામ પૂર્ણ કરી લોકાર્પણ કરાશે.

## જીટો દ્વારા વિશ્વ શાંતિ અને કલ્યાણ માટે ૧૦૮ દેશો સાથે

# વાપીમાં આયોજિત નવકાર મહામંત્રજાપમાં સેંકડો જૈનો જોડાયા

**રાજયના નાણાંમંત્રીએ વિશ્વ કલ્યાણ અને વિશ્વ શાંતિ માટે કરાયેલા આયોજન બદલ અભિનંદન પાઠવ્યા**





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૯ :** વિશ્વ શાંતિ અને વિશ્વ કલ્યાણના ઉદ્દેશ્ય સાથે જીટો (જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન) દ્વારા આજે બુધવારે દેશ અને વિદેશમાં નવકાર મહામંત્ર ડે નિમિત્તે કરાયેલા આયોજનમાં વાપી ખાતે રાજયના નાણાં મંત્રીની ઉપસ્થિતિમાં સેંકડો જૈનો નવકાર મહામંત્રના જાપમાં જોડાયા હતા. વાપી ચેપ્ટરમાં સમાયેલા બોઈસરથી વલસાડ સુધી ૨૮ સ્થળોએ ૧૨ હજારથી વધુ લોકો જોડાયા હતા.

જીટો (જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન) દ્વારા વિશ્વ શાંતિ અને વિશ્વ કલ્યાણ માટે ભારત અને વિશ્વના ૧૦૮ દેશોમાં આજેબુધવારે નવકાર મહામંત્ર જાપનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત વાપીના ચલા અજીત નગર ખાતે રાજયના નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુ દેસાઈ અને મહાનુભવોની ઉપસ્થિતિમાં યોજાયેલા નવકાર મહામંત્ર જાપમાં સેંકડો જૈનો જોડાયા હતા. સંગીતના સથવારે ભાવપૂર્વક નવકાર મહમંત્રના જાપ કરાયા હતા.

આ પ્રસંગે રાજયના નાણાં મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે, આજના દિવસે ભારતની સાથે વિશ્વના અન્ય દેશોમાં પણ વિશ્વ શાંતિ અને વિશ્વ કલ્યાણ માટે જીટો દ્વારા નવકાર મહામંત્રનું આયોજન કરાયું છે. દર વર્ષે નવકાર ડેનું આયોજન કરાશે. તેઓએ આ આયોજન બદલ વાપી ચેપ્ટરના પ્રમુખ અભય નહાર અને ટીમને શુભેચ્છા પાઠવી હતી. દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ભારતના વડા-ધાન નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહ્યા હતા. જેનું લાઈવ ટેલીકાસ્ટ પણ થયું હતું. વડાપ્રધાને પણ નવકાર મહામંત્રના કાર્યકરનું આયોજન કરવા બદલ જીટોને અભિનંદ પણ પાઠવ્યા હતા. વાપી ચેપ્ટરમાં સમાયેલા મહારાષ્ટ્રના બોઈસરથી વલસાડ સુધીના ૨૮ સ્થળોએ યોજાયેલા કાર્યક્રમમાં ૧૨ હજારથી વધુ લોકો જોડાયા હતા. આ કાર્યક્રમમાં વાપી તથા આજુબાજુના ગામોમાં રહેતા જૈન અગ્રણીઓ તથા વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ, વીઆઈએ પ્રમુખ સતીષભાઈ પટેલ, મુન્નાભાઈ શાહ તથા જીટોના પ્રમુખ અભયભાઈ શાહ અને તેમની ટીમ ઉપસ્થિત રહી હતી.

# મોટી તંબાડીમાં હનુમાન જયંતિની ઉજવણી કરાશે

**વાપી, તા. ૦૮ :** વાપી નજીકના મોટી તંબાડી ખાતે આવેલ પંચમુખી હનુમાનજી મંદિરે હનુમાન જયંતિ ના દિવસે હનુમાનજી જન્મોત્સવ અને લોક ડાયરા નું આયોજન કરાયું છે

વાપી નજીકના મોટી તંબાડી ખાતે આવેલ પંચમુખી હનુમાનજી મંદિરે તારીખ ૧૨ ૪ ૨૦૨૫ ને શનિવારના રોજ હનુમાનજી જન્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં વહેલી સવારમાં હનુમંત યજ્ઞ તેમજ ૧૧ .૧૦ કલાકે આરતી અને ત્યારબાદ બપોરે ૧૨ થી ૬ કલાક દરમિયાન મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે સાથે રાત્રે ૯ કલાકે સાગરદાન ગઢવી દ્વારા લોકડાયરોનું આયોજન પણ કરાયું છે સમગ્ર કાર્યક્રમનું આયોજન પંચમુખી હનુમાનજી મંદિર ટ્રસ્ટ મોટી તંબાડી વાપી દ્વારા કરાયું.

# વાપીમાં મેડી મિત્રા દ્વારા ચોથો સરવાઈકલ કેન્સર નિવારણ રસી કેમ્પ યોજાયો





**દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૯ :** મેડી મિત્રા ટીમ દ્વારા વાપીના ચલા ખાતે આવેલ પ્રમુખ ગ્રીન્સ ક્લબ હાઉસ ખાતે સર્વાઈકલ કેન્સર નિવારણ માટે ચોથો શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આજના કેમ્પમાં ૧૭૫ ડોઝ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા સિલ્વાસાના સ્વામિનારાયણ મંદિરના સ્વામી ચિન્મય દાસજી રહ્યા

આજના આ મેડી મિત્રા સર્વાઈનકલ કેન્સર નિવારણ રસી અંગેનાશિબિરના પ્રાયોજકો મેંગો એર કોલર્સ, ભીક્મચંદજી, સ્વ. ગુલાબજી અને પવનજી બેડે હતા.સ્વામીજીએ પોતાના ભાષણમાં મેડિમિત્રાના જન કલ્યાણ કાર્યની ખૂબ -શંસા કરી અને આ અભિયાનમાં પોતાનો સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી.

અત્યાર સુધીમાં, મેડિમિત્રાએ સર્વાઈકલ કેન્સરને રોકવા માટે ૭૦૦ થી વધુ રસીઓ આપી છે. મેડી મિત્રા ટીમનો ખાસ પ્રયાસ લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે અને વધુમાં વધુ લોકોએ તેનો લાભ લેવો જોઈએ.

## ગાંધી વિચાર પ્રચાર ટ્રસ્ટ દ્વારા

# વાપીમાં ૭૬મો ચાર દિવસીય ગાંધી મેળો યોજાયો




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૯ :** વાપીમાં ગાંધી વિચાર પ્રચાર ટ્રસ્ટ દ્વારા ૭૬ માં ગાંધી મેળાનું ચાર દિવસીય નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૭૦ થી વધુ સ્ટોલ રહ્યા હતા.

વાપીમાં ગાંધી વિચાર પ્રચાર ટ્રસ્ટ દ્વારા ૭૬ મો ગાંધી મેળો ૨૦૨૫ નું આયોજન તારીખ ૪ ૫ ૬ અને ૭ એ-િલ ૨૦૨૫ ના રોજ વાપીના અજીત નગર ખાતે આવેલ મેદાનમાં કરવામાં આવ્યું હતું જેના મુખ્ય અતિથિ તરીકે ગાંધીવાદી અને પદ્મશ્રી ગફુરભાઈ તથા મુખ્ય મહેમાન તરીકે દમણગંગા ટાઈમ્સના નિવાસી તંત્રી વિકાસભાઈ ઉપાધ્યાય તથા વાપીના ગાંધીવાદી હેમંતભાઈ દેસાઈ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મેળામાં ૭૦ થી વધુ સ્ટોલ સમગ્ર ગુજરાતમાંથી આવેલા વેપારી દ્વારા રખાયા હતા જેમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન તથા તેમાંથી બનાવેલ ચીજ વસ્તુઓ અને નાસ્તો તથા જમવાની બનાવટ કરાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સખીમંડળો દ્વારા પ્રાકૃતિક કૃષિ પેદાશ તથા ગૃહ ઉદ્યોગ અને નર્સરી ખાતર કૃપાનું વેચાણ પણ કરવામાં આવ્યું હતું આ ગાંધીમેળામાં મહાત્મા ગાંધીના ચિત્રનું પ્રદર્શન તથા વિવિધ હાથથી બનાવેલ ચીજ વસ્તુઓનું વેચાણ થયુ હતું. આ કાર્યક્રમના પ્રમુખ સ્થાને ગફુરભાઈ બી લખ્યા તથા મહામંત્રી નટુભાઈ નાયક તેમજ વિકાસભાઈ ઉપાધ્યાય દ્વારા ઉદઘાટન તેમજ સમાપન સમયે ઉદબોધન કરવામાં આવ્યું હતું ગાંધી મેળાનું સફળ સંચાલન તેમજ વાપીના લોકો દ્વારા મેળાને ખૂબ જ સારો આવકાર અપાયો હતો સમગ્ર કાર્યક્રમનું આયોજન ધર્મેશભાઈ નાયક દ્વારા કરાયું હતું.

## ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત

# વાપીમાં મુસ્કાન ગૃપ દ્વારા રામદરબાર કાર્યક્રમ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૯ :** વાપીમાં રામનવમીના દિવસે શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ હોલમાં પદ્મશ્રી ડો.જગદીશભાઈ ત્રિવેદીજી ના રામ દરબાર કાર્યક્રમ મુસ્કાન ગ્રુપ દ્વારા પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અને મિશન ફુટપાથ અંતર્ગત શિક્ષણ ના કાર્યના ફળશ્રુતી રુપે આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વાપી દમણ ઉમરગામ અને આધાર ટ્રસ્ટના વૃધ્ધૌએ ખૂબ મોટી સંખ્યામાં રામભક્તોએ લાભ લીધો હતો.

કાર્યક્રમમાં રામભક્તોને ડોક્ટર જગદીશભાઈ ત્રિવેદી દ્વારા ઉપસ્થિત રહેલા લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

ત્રિવેદીજીના સેવાનો જે સંકલ્પ છે તે અંતર્ગત પુરસ્કાર ની સંપૂર્ણ રાશિ સંસ્થાના સારા કાર્યની સરાહના કરી સંસ્થાને સુપરત કરી હતી સાથે આવનાર શ્રોતાઓને સમાજની કોઈપણ સારી પ્રવૃતિઓ થતી હોય છે તેમાં સહભાગી થવા તેમજ રાષ્ટ્રને માટે સમર્પિત થવા આહવાન કર્યા હતા.

રામદરબારના મુખ્ય સાંરાશ રામાયણ આપણને આજના સાંપ્રત સમયમાં આપણી જીંદગીમાં કઈ રીતે એકબીજાને ત્યાગની ભાવના થકી જીવવાની કળા અનેક દ્રષ્ટાટ દ્વારા સમજાવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા મુસ્કાન ફેમિલીના રીમાબેન કાલાણીજી તથા તેમની ટીમ, સુધીરભાઈ સાવલિયા અને સહયોગી દાતાઓ નો ખૂબ ખૂબ આભાર માનવામાં આવ્યો હતો.

# લવાછામાં નિરંકારી મહિલા સંત સમાગમનું આયોજન કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૯ :** નિરંકારી મહિલા સંત સમાગમનું આયોજન કરાયું હતું. આ સંસારમાં પરમાત્માએ પ્રત્યેક જીવને એક વિશેષ ભૂમિકાની સાથે મોકલ્યા છે. જ્યારે આપણે આપણું પાત્રને ઈમાનદારી અને સમર્પણ સાથે નિભાવીએ છે, ત્યારે આત્મિક આનંદની અનુભૂતિ તેમજ ઈશ્વરની કૃપાના પાત્ર પણ બનીએ છે. પરિવારને સંસ્કારી અને સશક્ત બનાવવામાં માતા-બહેનોની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ હોય છે. જો ઘર-પરિવારમાં આધ્યાત્મિક દૃષ્ટિએ જાગૃત મહિલા હોય, તો તે નિ?તપણે પોતાનું જીવન ઉજ્જવળ બનાવવાની સાથે-સાથે બાળકોને સારા સંસ્કાર પણ આપે છે તેમજ તેમને બાળ-સત્સંગ સાથે પણ જોડે છે, જેથી સદ્ગુણોથી ભરપૂર નવી પેઢીનું નિર્માણ પણ થાય છે. આ પ્રેરણાદાયી વિચાર રાજસ્થાન (ચુરુ) થી આવેલ બહેન સુશીલા શર્મા જી એ સંત નિરંકારી સત્સંગ ભવન, લવાછા, સેલવાસમાં ગત ૫ એપ્રિલ શનિવારે આયોજિત નિરંકારી મહિલા સંત સમાગમમાં મુખ્ય મંચ પરથી વ્યક્ત કર્યા હતા. મહિલા સંત સમાગમનો ઉલ્લેખ કરતા તેમણે વધુમાં કહ્યું કે નિરંકારી મહિલા સત્સંગ વાસ્તવમાં મહિલાઓ માટે એક દિવ્ય આધ્યાત્મિક વિદ્યાલય છે, તે પરિવારની જવાબદારીઓ સારી રીતે નિભાવવાની સાથે-સાથે તેઓ સમાજ સેવામાં પોતાની સકારાત્મક યોગદાન આપવા માટે પણ સક્ષમ બને છે. આ રીતે એક જાગૃત મહિલા ફક્ત તેના પરિવાર માટે જ નહીં પરંતુ સમગ્ર સમાજના ઉત્થાનનો એક આધારશિલા પણ બને છે.


દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com


# વાપીમાં ઠંડા પાણીના પરબ શરૂ કરાયા




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૯ :** વાપીના સમાજ સેવક કિરણ રાવલ છેલ્લા ૭ વર્ષથી દર વર્ષે ઉનાળામાં ગરમીની સિઝનને ધ્યાનમાં રાખી વાપીમાં અલગ અલગ જગ્યાએ ઠંડા પાણીની પરબોનું આયોજન કરતા આવ્યા છે. વાપીના સમાજ સેવક કિરણ રાવલે દર વર્ષની જેમ આ વર્ષે પણ પડી રહેલી આ કાળઝાળ ગરમીને ધ્યાનમાં રાખીને વાપી ટાઉનમાં અલગ અલગ જગ્યાએ ઠંડા પાણીની પરબો શરૂ કરી છે. વાપીના સમાજ સેવક કિરણ રાવલ દ્વારા આ વર્ષે વાપી ટાઉનમાં એલઆઈસી ઓફિસની સામે તેમજ વાપી ટાઉન નવીનગરી વિસ્તારમાં આવેલા નાયરા પેટ્રોલ પંપ પાસે ઠંડા પાણીની પરબોનું આયોજન કરવામાં આવ્યું હતું. કિરણ રાવલના દર વર્ષે આ સમાજ સેવાના કાર્યોથી વાપી તેમજ આજુબાજુના વિસ્તારના રસ્તા પર આવતા જતા હજારો વટેમાર્ગુ લોકો ગરમીની સિઝનમાં રસ્તા પર મુકેલા પરબોના ઠંડા પાણીથી પોતાની તરસ છુપાવી રાહતનો શ્વાસ લેતા જોવા મળ્યા હતા.

# વટારની પીએમ પ્રા. શાળામાં વિદાય સન્માન સમારહ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૯ :** વાપી તાલુકાની વટાર પીએમ પ્રાથમિક ગુજરાતી શાળામાં ધોરણ આઠ ના વિદ્યાર્થીઓનો વિદાય સમ્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરવા બદલ દરેક વિદ્યાર્થીઓને શુભેચ્છા તથા માર્ગદર્શન મળી રહે તે માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું ધોરણ આઠમાં અભ્યાસ કરતા ૫૦ વિદ્યાર્થીઓનું સફળતાપૂર્વક પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરવા બદલ શાળાના એસએમસીના શિક્ષણ વિધ સભ્ય હર્ષદભાઈ દેસાઈએ વિદાય લેતા વિદ્યાર્થીઓને આશીર્વાદ તથા અભિનંદન આપ્યા હતા. વિદાય સમારોહમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનો આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષકો દ્વારા વિદાય લેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

દમણગંગા ટાઈમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Thursday 10, April 2025


## ગરમી અને ચેતવણી

ગયા વર્ષની રેકોર્ડ તોડ ગરમી બાદ ૨૦૨૫ની શરૂઆતથી જ તાપમાનને લઈને જે આશંકાઓ વ્યક્ત કરાઈ રહી હતી, તેને સાચા પડતા જોવું અનપેક્ષિત ન હોવા છતાં પણ ચિંતાઓ વધારનારું તો છે જ. ગત ફેબ્રુઆરીએ પહેલેથી જ ૧૯૦૧ બાદ સૌથી ગરમ ફેબ્રુઆરી જાહેર કરાઈ ચૂક્યો છે અને હવે રવિવારે દેશના પાંચ રાજ્યોના ૨૧ શહેરોમાં અધિકતમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચવાને માત્ર એક હવામાન બદલાવ માનીને અવગણના ન કરી શકા. આ દરમ્યાન, ઓસ્ટ્રેલિયાની ન્યૂ સાઉથ વેલ્સ યુનિવર્સિટીના તાજા અધ્યયનમાં ચેતવણી આપવામાં આવી છે કે જો ધરતીનું સરેરાશ તાપમાન ચાર ડિગ્રી સેલ્સિયસ વધી જાય છે, તો ૪૦ ટકા વૈશ્વિક સંપત્તિના નષ્ટ થવાનો ખતરો છે, જ્યારે અત્યાર સુધીની શોધ ૧૧ ટકા નુક્સાનની જ વાત કહેતા આવ્યા છે. તાપમાનનું વધવું માત્ર ગરમી સહન કરવા સુધી જ સીમિત હોય તો એક વાત થઈ, પરંતુ આ સ્થિતિઓ પ્રકૃતિમાં અસંતુલનનો સંકેત આપે છે, જેથી મોટી પ્રાકૃતિક આપદાઓનો ડર પણ પેદા થાય છે.

ગયા વર્ષે જુલાઈમાં કેરળના વાયનાડમાં મોટા પાયે થયેલ ભૂસ્ખલનને યાદ કરો, જેમા સેંકડો લોકો હતાહત થયા હતા. ગયા વર્ષે જ રાજસ્થાનમાં જેસલમેરમાં એક જ દિવસમાં સિઝનનો ૫૫ ટકા વરસાદ થઈ ગયો હતો. આ જ રીતે લેહના ઠંડા રણ વિસ્તારમાં જુલાઈમાં ગરમીની લહેર ચાલી હતી. આ સ્થિતિ એટલા માટે પણ ડરાવે છે, કારણ કે ૨૦૨૪માં આવી આપદાઓમાં ૩૨૩૮ લોકોના જીવ ગયા હતા, જે ૨૦૨૨ની તુલનામાં ૧૮ ટકા વધારે છે.

અસલમાં, જે રીતે ચરમ હવામાન ઘટનાઓની આવૃત્તિ, તીવ્રતા અને અવધિ વધી છે, જેનાથી સવાલ ઊઠે છે કે શું આ 'ન્યૂ નોર્મલ'વાળી સ્થિતિ તો નથી બનવા જઈ હી? જેનો સામનો આખી દુનિયાએ કરવો પડશે. ૨૦૨૨માં ગરમ હવાઓને કારણે પેદાશમાં લગભગ ૨૦ ટકા ઘટાડો આવ્યો હતો, જે આ વર્ષની કહાની પણ હોઇ શકે છે. ખેતીનો ગાઢ સંબંધ પાણીની ઉપલબ્ધતા પર હોય છે.

એવામાં ઉત્તર ભારતમાં જળાશયોની ક્ષમતામાં ઘટાડો પણ ચિંતાનો વિષય છે. હવે સમય આવી ગયો છે કે આ સંકટને ગંભીરતાથી લેવામાં આવે. વૃક્ષારોપણ અને જળ સંરક્ષણ માટે નીતિઓ હોવી પૂરતું નથી, તેના યોગ્ય કાર્યાન્વયન પર ધ્યાન આપવું પડશે. વીજળી અને પાણીનો કિફાયતથી ઉપયોગ અને પ્રદૂષણ ઓછું કરવાના નાના-નાના પગલાં મોટા બદલાવ લાવી શકે છે. દરેકે ખુદને પૂછવું જોઈએ કે તે પર્યાવરણની આ વ્યાપક થતી જતી સમસ્યાનું અંગ છે કે પછી સમાધાનનું? આ સંબંધે કોઈ ત્રીજો વિકલ્પ હવે બચ્યો જ નથી.

# ભારતીય રિઝર્વ બેન્કે રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો

### રેપો રેટ એ દર છે જેના પર RBI બેન્કોને લોન આપે છે, તેના ઘટાડાને કારણે તમારી હોમ લોન, પર્સનલ લોન અને કાર લોનનો હપ્તો ઓછો થઈ જાય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૯ : ભારતીય રિઝર્વ બેન્કે રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે. રેપો રેટમાં સતત બીજી વખત ઘટાડો કરવામાં આવ્યો છે. આ પહેલા ફેબ્રુઆરીમાં પણ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. લગભગ પાંચ વર્ષમાં રેપો રેટમાં આ પ્રથમ ઘટાડો હતો.

આજના ઘટાડા સાથે રેપો રેટ હવે ૬ ટકા થઈ ગયો છે. રેપો રેટ એ દર છે જેના પર RBI બેન્કોને લોન આપે છે. તેના ઘટાડાને કારણે તમારી હોમ લોન, પર્સનલ લોન અને કાર લોનનો હપ્તો ઓછો થઈ જાય છે.

રેપો રેટમાં ઘટાડો કરવાનો નિર્ણય RBIની નાણાકીય નીતિ સમિતિની બેઠકમાં લેવામાં આવ્યો હતો. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ બેઠકમાં લેવાયેલા નિર્ણયો વિશે માહિતી આપી હતી. નવા નાણાકીય વર્ષમાં RBIની MPC ની આ પહેલી બેઠક હતી.

RBI MPC ની ૫૪મી બેઠક અને નવા નાણાકીય વર્ષ FY26ની પ્રથમ બેઠકના પરિણામોની જાહેરાત કરતી વખતે, ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ ગ્લોબલ ઈકોનોમિક ટેન્શન અને ટ્રેડ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે આ પડકારજનક વાતાવરણમાં, કેન્દ્રીય બેન્કે રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે અને આ પછી રેપો રેટ ઘટીને ૬ ટકા થઈ ગયો છે. વર્ષ ૨૦૨૫માં આ સતત બીજી વખત છે જ્યારે કેન્દ્રીય બેન્કે મોટી રાહત આપી છે. અગાઉ ફેબ્રુઆરીમાં યોજાયેલી બેઠકમાં રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો, જે પછી તે ઘટીને ૬.૨૫ ટકા થઈ ગયો. આ ઘટાડો પાંચ વર્ષના લાંબા અંતરાલ પછી કરવામાં આવ્યો છે.

ટેરિફ વોર અને બજારમાં મંદીના દબાણ વચ્ચે રિઝર્વ બેન્કે એક મોટો નિર્ણય લીધો છે અને લોકોને મોટી રાહત આપી છે. તાજેતરના ઘટાડા પછી રેપો રેટ હવે ઘટીને ૬ ટકા થઈ ગયો છે. ઘણા રિપોર્ટ્સમાં એવો અંદાજ લગાવવામાં આવી રહ્યો હતો કે પોલિસી રેટમાં ઘટાડો થઈ શકે છે. બેન્ક ઓફ અમેરિકા (BOFA) ગ્લોબલ રિસર્ચે તેના રિપોર્ટમાં આગાહી કરી હતી કે ભારતીય અર્થતંત્રને ધ્યાનમાં લેતા કેન્દ્રીય બેન્ક સતત બીજી વખત રેપો રેટમાં ઘટાડો કરીને મોટી રાહત આપી શકે છે. આમાં રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો અંદાજવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે આ પહેલા ફેબ્રુઆરીમાં યોજાયેલી MPC બેઠકમાં રિઝર્વ બેન્કે એક મોટો નિર્ણય લીધો હતો અને પાંચ વર્ષના લાંબા સમયગાળા પછી રેપો રેટ (RBI રેપો રેટ કટ) માં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો.

આ પછી રેપો રેટ ઘટીને ૬.૨૫ ટકા થઈ ગયો હતો. અગાઉ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) એ મે ૨૦૨૦ માં રેપો રેટમાં ઘટાડો કર્યો હતો. જોકે તે પછી તેને ધીમે ધીમે ૬.૫ ટકા સુધી વધારવામાં આવ્યો હતો. છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૩માં રેપો રેટમાં વધારો કરવામાં આવ્યો હતો.

રેપો રેટ બેન્ક લોન લેતા ગ્રાહકો સાથે સીધો જોડાયેલો છે. તેના ઘટાડાને કારણે લોનનો EMI ઘટે છે અને તેના વધારાને કારણે તે વધે છે. વાસ્તવમાં રેપો રેટ એ દર છે જેના પર દેશની કેન્દ્રિય બેન્ક ભંડોળની અછતના કિસ્સામાં વાણિજ્યિક બેંકોને નાણાં ઉછીના આપે છે. રેપો રેટનો ઉપયોગ નાણાકીય સત્તાવાળાઓ ફુગાવાને નિયંત્રિત કરવા માટે કરે છે.

# ઈન્ડિયન નેવી માટે ફ્રાન્સ પાસેથી ૨૬ રાફેલ ખરીદશે ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી, તા.૯ઃ ભારતે ફ્રાન્સ પાસેથી ૨૬ રાફેલ મરીન ફાઈટર જેટ ખરીદવાના મેગા ડીલને મંજૂરી આપી દીધી છે. બંને દેશોની સરકારો ટૂંક સમયમાં ૬૩,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના આ સંરક્ષણ સોદા પર હસ્તાક્ષર કરશે, જે હેઠળ ભારતીય નૌકાદળને ૨૨ સિંગલ-સીટર અને ચાર ટ્વીન-સીટર રાફેલ મરીન જેટ મળશે. ડીલ પૂર્ણ થયા પછી રાફેલ મરીન એરક્રાફ્ટની ડિલિવરી ૨૦૨૯ના અંતથી શરૂ થશે અને ૨૦૩૧ સુધીમાં ભારતીય નૌકાદળને બધા ૨૬ એરક્રાફ્ટ મળી જશે. આ વિમાનોનું ઉત્પાદન ફ્રાન્સની પ્રાઈવેટ એવિએશન કંપની દસોલ્ટ એવિએશન દ્વારા કરવામાં આવશે.

આ રાફેલ-એમ વિમાનોને INS વિક્રાંત અને INS વિક્રમાદિત્ય જેવા વિમાનવાહક યુદ્ધ જહાજો પર તૈનાત કરવામાં આવશે. અત્યાર સુધી ભારતીય નૌકાદળના આ બંને જહાજો જૂના મિગ ૨૯-કે ફાઈટર પ્લેન સાથે તેમના મિશન પૂર્ણ કરે છે.

રાફેલ-એમ વિમાનોનો કાફલો જૂના થઈ રહેલા મિગ-૨૯કે વિમાનોના કાફલાનું સ્થાન લેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સોદા હેઠળ ૨૬ રાફેલ જેટ સિવાય ઓફસેટ જવાબદારીઓ હેઠળ આ વિમાનોના પાર્ટ્સનું નિર્માણ ભારતમાં કરવામાં આવશે. તે સિવાય ફ્રાન્સ કર્મચારીઓને તાલીમ પણ આપશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટીએ આ ડીલને મંજૂરી આપી દીધી છે. રાફેલ મરીન એ રાફેલ ફાઈટર એરક્રાફ્ટનું એક વર્ઝન છે જે એરક્રાફ્ટ કેરિયર્સ માટે રચાયેલ છે, જે તેના અદ્યતન એવિઓનિક્સ, વેપન સિસ્ટમ અને હવાઈ યુદ્ધમાં નિપુણતા માટે જાણીતું છે. રાફેલ-એમ વિમાનવાહક જહાજોથી હાથ ધરવામાં આવતા મિશન માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેમાં મજબૂત લેન્ડિંગ ગિયર, એરેસ્ટર હુક્સ અને શોર્ટ ટેક-ઓફ બટ એરેસ્ટેડ રિકવરી (STOBAR) કામગીરી કરવા માટે મજબૂત એરફ્રેમ છે. તે AESA રડારથી સજ્જ છે, જે દુશ્મનને ઝડપથી અને સચોટ રીતે ઓળખવામાં મદદ કરે છે. સાથે જ SPECTRA ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમ પણ છે, જે જેટને છૂપાવવામાં, બચવામાં અને દુશ્મનના હુમલાથી બચાવવામાં મદદ કરે છે.

### કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનમાં બોલ્યા ખડગે

# મોદીજી દેશની સંપત્તિ વેચીને ચાલ્યા જશે : કોંગ્રેસ

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૯ : ગુજરાતના અમદાવાદમાં કોંગ્રેસ પાર્ટીનું ૮૪ મું અધિવેશન ચાલી રહ્યું છે. આ પ્રસંગે દેશભરમાંથી ૧,૭૦૦ થી વધુ કોંગ્રેસના પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. સત્રના બીજા દિવસે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેએ કેન્દ્રની મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે સરકારે તાજેતરમાં પૂર્ણ થયેલા સંસદના બજેટ સત્રમાં મનમાનીથી કામ કર્યું. ખડગેએ લોકસભા સ્પીકરની ભૂમિકા પર સવાલ ઉઠાવતા કહ્યું કે રાહુલ ગાંધીને બોલવા દેવામાં આવ્યા ન હતા, જે લોકશાહી માટે ખૂબ જ શરમજનક બાબત છે.

મલ્લિકાર્જૂન ખડગેએ મોદી સરકાર પર જોરદાર નિશાન સાધ્યું. તેમણે કહ્યું, "સંસદ સવારે ૫ વાગ્યા સુધી ચાલુ હતું, પરંતુ સરકાર પાસે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવાનો સમય નહોતો. આ બતાવે છે કે આ લોકો લોકશાહીને કેટલી ગંભીરતાથી લે છે." ખડગેએ કહ્યું કે અમેરિકાએ ભારત પર ૨૬ ટકા ટેરિફ લાદ્યો, પરંતુ સંસદમાં તેની ચર્ચા થવા દેવામાં આવી નહીં. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે દેશની સરકારી સંપત્તિ ધીમે ધીમે ખાનગી કંપનીઓને વેચાઈ રહી છે.

ખડગેએ પોતાની વાત આગળ વધારતા કહ્યું, "જો આ પરિસ્થિતિ ચાલુ રહેશે, તો એક દિવસ એવો આવશે જ્યારે મોદી સરકાર અને મોદીજી પોતે દેશની સંપત્તિ વેચીને ચાલ્યા જશે. હું આ સ્પષ્ટપણે કહી રહ્યો છું." કોંગ્રેસ અધ્યક્ષે વધુમાં કહ્યું, "એરપોર્ટ હોય, ખાણકામ હોય, મીડિયા હાઉસ હોય કે ટેલિકોમ, આ સરકાર તે તેના ઉદ્યોગપતિ મિત્રોને આપી રહી છે. આ આપણી રાષ્ટ્રીય સુરક્ષા માટે પણ ખતરો છે." તેમણે આગળ કહ્યું, "તેઓ કોંગ્રેસને ગાળો આપવા સિવાય કંઈ કરતા નથી. ચૂંટણી સંસ્થાઓ પણ તેમના નિયંત્રણમાં છે. ચૂંટણીમાં કૌભાંડો થઈ રહ્યા છે. વિશ્વના વિકસિત દેશો ઈવીએમ છોડીને બેલેટ પેપર તરફ આગળ વધી રહ્યા છે. પરંતુ આપણે ઈવીએમ પર ચાલી રહ્યા છીએ. આ બધું છેતરપિંડી છે, હું આ કહીશ. તમે એવી ટેકનોલોજી બનાવી છે જેનો ફાયદો ફક્ત તમને જ થાય છે. જો તમે આવી ટેકનોલોજી બનાવીને વિપક્ષને દબાવવા માંગતા હો, તો કાલે દેશના યુવાનો ઉભા થશે અને કહેશે કે અમને બેલેટ પેપર જોઈએ છે, ઈવીએમ નહીં. ભાજપ ૧૫૦ બેઠકો પર ચૂંટણી લડે છે, ૧૩૮ બેઠકો જીતે છે. મહારાષ્ટ્રમાં જે છેતરપિંડી થઈ તે લોકશાહીનો નાશ કરવા માટે કરવામાં આવી હતી. અમારા વકીલો અને નેતાઓએ મતદાર યાદીમાં થયેલી ભૂલો પર કામ કર્યું. ચોરી કરનાર ચોર કોઈ ને કોઈ દિવસ પકડાઈ જાય છે. આજે ૧૫ લાખ લોકો વિદેશમાં સ્થાયી થયા છે. રોજગાર માટે વિદેશ ગયેલા યુવાનોને અમેરિકાથી સાંકળોથી બાંધીને ભારત પાછા મોકલવામાં આવી રહ્યા છે.

# પ.બંગાળમાં વક્ફ (સુધારા) બિલ લાગુ નહીં થાય : મમતા

(સંપૂર્ણ સમાચાર સેવા)
કોલકાતા, તા.૯ :

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આજે મોટું એલાન કર્યું છે. તેમણે કહ્યું કે, કેન્દ્રનો વક્ફ બિલ કાયદો પશ્ચિમ બંગાળમાં લાગુ કરવામાં નહીં આવે. હું લઘુમતી લોકો અને તેમની સંપત્તિનું રક્ષણ કરીશ.

કોલકાતામાં જૈન સમુદાયના એક કાર્યક્રમમાં મમતા બેનરજીએ કહ્યું કે, મને ખબર છે કે તમે વક્ફ કાયદાના અમલીકરણથી દુઃખી છો. પરંતુ વિશ્વાસ રાખો બંગાળમાં એવું કંઈ નહીં થાય જેનાથી કોઈ ભાગલા પાડીને શાસન કરી શકે. બાંગ્લાદેશની પરિસ્થિતિ જુઓ. વક્ફ સુધારા બિલ હમણાં પાસ નહોતું કરવાનું. પશ્ચિમ બંગાળમાં વક્ફ (સુધારા) બિલ લાગુ નહીં થાય.

વક્ફ સુધારા બિલ ગત ગુરુવારે લોકસભામાં અને શુક્રવારે રાજ્યસભામાં પાસ થયું હતું. શનિવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બિલને પોતાની સંમતિ આપી હતી તેથી હવે તે કાયદો બની ગયો છે. કાયદાની તરફેણમાં સરકારે દલીલ એ છે કે તેનાથી જમીન સંબંધિત વિવાદોમાં ઘટાડો થશે. વક્ફ બોર્ડનું કામ કાર્યક્ષમ, પારદર્શક અને જવાબદાર રહેશે.

બીજી તરફ બંગાળના મુર્શિદાબાદમાં વક્ફ સુધારા કાયદાના વિરોધ દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. ભાજપે મુખ્યમંત્રી મમતા બેનરજી પર આકરા પ્રહારો કર્યા અને કહ્યું કે સરકાર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ગઈ છે. તમને જણાવી દઈએ કે, મુર્શિદાબાદ જિલ્લાના જંગીપુર વિસ્તારમાં વક્ફ સુધારા કાયદા વિરુદ્ધ હિંસા ભડકી ઉઠી છે.

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ૪ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો. તેમાં તેમણે દાવો કર્યો હતો કે, કેટલાક અસામાજિક તત્વો જાહેર સંપત્તિને સળગાવી રહ્યા છે. તેઓ પોલીસ વાહનોને ફૂંકી રહ્યા છે. વિરોધના નામે અરાજકતા ફેલાવવામાં આવી રહી છે. સુવેન્દુ અધિકારીએ બંગાળ સરકાર પર વોટ બેંકની રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે આ વિસ્તારમાં કેન્દ્રીય દળો તહેનાત કરવાની માંગ ઉઠાવી અને રાજ્યના મુખ્ય સચિવ અને કેન્દ્રીય ગૃહ મંત્રાલયને હસ્તક્ષેપ કરવા અપીલ કરી છે.

ભાજપના નેતા અમિત માલવિયાએ મુર્શિદાબાદ જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશને પણ પોસ્ટ કર્યો છે. આદેશ હેઠળ અહીં મ્હ્રજીજીની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધિત આદેશો લાદવામાં આવ્યા હતા. જાહેર સ્થળો પર પાંચ કે તેથી વધુ લોકોના ભેગા થવા પર પ્રતિબંધ રહેશે. આદેશ પ્રમાણે પ્રતિબંધક આદેશ ૪૮ કલાક સુધી અમલમાં રહેશે. આ દરમિયાન જંગીરપુર વિસ્તારમાં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વૉર સામે ચીનનું મેટલ વૉર

(સંપૂર્ણ સમાચાર સેવા)
બેઈજીંગ, તા.૯ : ટ્રમ્પના ટેરિફ યુદ્ધથી વિશ્વ ખળભળી ઊઠ્યું છે. અન્ય દેશો સહિત ટ્રમ્પે ચીન પર આકરો ટેરિફ લાદી દીધો છે અને એમાં હજુ વધારો કરવાની ચીમકી આપી છે. એવામાં ડ્રેગન શાંત બેસી રહે એ તો કેમ બને? ટ્રમ્પના ટેરિફ વોરની સામે ચીને મેટલ વૉર છેડી દીધું છે. આજના ટેક્નોલોજીકલ જમાનામાં જેના વિના પ્રગતી અટકી પડે એવી અત્યંત મહત્ત્વની ૭ દુર્લભ ધાતુઓની નિકાસ ચીને બંધ કરી દીધી છે. આ એવી ધાતુઓ છે જે ચીનમાં પુષ્કળ માત્રામાં મળી આવે છે અને વિશ્વમાં એની સૌથી વધુ નિકાસ ચીન જ કરે છે.

ચીને જે સાત ધાતુઓની નિકાસ બંધ કરી દીધી છે તે છે ગેડોલિનિયમ, ટર્બિયમ, સમેરિયમ, ડિસપ્રોસિયમ, સ્કેન્ડિયમ, યટ્રીયમ અને લ્યુટેટીયમ. આ તમામ ધાતુના નામ તમે કદાચ પહેલીવાર સાંભળી રહ્યા હશો. અજાણી લાગતી આ ધાતુઓ આપણા જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે, કેમ કે તેમનો ઉપયોગ એવી ચીજવસ્તુઓ બનાવવામાં થાય છે જેને આપણે રોજબરોજની જિંદગીમાં વાપરતા હોઈએ છીએ. કેટલાય એવા ઉદ્યોગો છે જે આ ધાતુઓના અભાવે ઠપ થઈ જાય. ચીન આ ધાતુઓનું મોટામાં મોટું નિકાસકાર હોવાથી તેની આ ચાલથી વિશ્વના તમામ દેશોને અસર પડશે.

કઈ ધાતુ કેવા કામમાં આવે છે?

૧. ગેડોલિનિયમ : આ ધાતુનો ઉપયોગ ચુંબક બનાવવામાં થાય છે. તેનો ઉપયોગ ઈલેક્ટ્રોનિક સામાન અને ડેટા સ્ટોરેજ ઉપકરણોમાં પણ થાય છે. સ્કૈન સ્કેન કરતી વખતે ગેડોલિનિયમ કેન્સરગ્રસ્ત ગાંઠો શોધવામાં મદદ કરે છે. પરમાણુ રિએક્ટરમાં પણ તેની હાજરી જરૂરી છે.

૨. ટર્બિયમ : આ ધાતુનો ઉપયોગ ઈલેક્ટ્રિક બલ્બ અને પારાના લેમ્પમાં થાય છે. તે એક્સ-રેને સલામત અને સ્વચ્છ બનાવવામાં મદદ કરે છે.

# ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને દિલ્હીમાં હીટવેવ

### તાપમાનમાં સામાન્ય કરતાં ૭થી ૯ ડિગ્રી ઓચિંતા વધારાના કારણે જનજીવનને માઠી અસર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૯

દેશના મધ્ય અને પશ્ચિમ વિસ્તારમાં કાળઝાળ ગરમીએ કેર વરતાવી દીધો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના ૨૭ મથકો પર તાપમાન ૪૩ ડિગ્રી કે તેથી વધુ નોંધાયુ હતું. જેમાંથી ૧૯ સ્થળ પર હીટ વેવની અસર વધુ જોવા મળી હતી. દેશમાં સૌથી વધુ ગરમી રાજસ્થાનના બાડમેરમાં નોંધાઈ હતી, ૪૬.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે બાડમેર અગનભઠ્ઠીમાં શેકાયુ હતું. દિલ્હીમાં તાપમાન ૪૦.૪થી ૪૧ ડિગ્રી જોવા મળ્યુ હતું. દેશમાં સૌથી વધુ ગરમી રાજસ્થાનના બાડમેરમાં જોવા મળી હતી. સામાન્ય કરતાં ૭.૬ ડિગ્રી વધુ તાપમાન સાથે પારો ૪૬.૪ ડિગ્રી નોંધાયો હતો. જેસલમેરમાં ૪૫ ડિગ્રી, ચિત્તોડગઢમાં ૪૪.૫ ડિગ્રી, બિકાનેરમાં ૪૪.૪ ડિગ્રી અને શ્રી ગંગાનગરમાં ૪૪.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયુ હતું. આ સ્થળોએ તાપમાન સામાન્ય કરતાં ૭થી ૯ ડિગ્રી વધારે હતું. ગુજરાતમાં સુરેન્દ્રનગરમાં ૪૪.૮ ડિગ્રી, રાજકોટમાં ૪૪ ડિગ્રી, અમરેલીમાં ૪૩.૮ ડિગ્રી, મહુવા અને કંડલામાં ૪૩.૪ ડિગ્રી સેલ્શિયસ તાપમાન નોંધાયુ હતું. મહુવામાં તાપમાન સામાન્ય કરતાં ૮.૩ ડિગ્રી વધારે નોંધાયુ હતું. મહારાષ્ટ્રના અકોલામાં ૪૪.૧ ડિગ્રી, નંદુરબારમાં ૪૩.૫ ડિગ્રી, જલગાંવમાં ૪૩.૩ ડિગ્રી અને અમરાવતીમાં ૪૩ ડિગ્રી તાપમાન જોવા મળ્યુ હતું. મધ્યપ્રદેશના ગુના અને રતલામમાં ૪૩.૪ ડિગ્રી અને ૪૩.૨ ડિગ્રી તાપમાન હતું. હવામાન ખાતાના અનુમાન મુજબ, દેશના ઉત્તર-પશ્ચિમ વિસ્તારોમાં ૧૦ એપ્રિલથી ગરમીમાં રાહત મળશે, જ્યારે ગુજરાત અને મધ્યપ્રદેશમાં ૧૧ એપ્રિલથી ગરમી ઘટી શકે છે. મેદાની વિસ્તારમાં ૪૦ ડિગ્રી કે તેથી વધુ, દરિયાઈ વિસ્તારમાં ૩૦ ડિગ્રી કે તેથી વધુ અને પર્વતીય વિસ્તારોમાં ૩૭ ડિગ્રી કે તેથી વધુ તાપમાન નોંધાય ત્યારે હવામાન વિભાગ દ્વારા હીટ વેવ જાહેર કરવામાં આવે છે. અગાઉ હવામાન વિભાગે એપ્રિલથી જૂન મહિના દરમિયાન દેશભરમાં ગરમી વધારે રહેવાની આગાહી વ્યક્ત કરી હતી. ક્લાઈમેટ ચેન્જના કારણે હિટ વેવના દિવસો વધી રહ્યા હોવાનું વિજ્ઞાનીઓ માની રહ્યા છે.

# જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં વક્ફ બિલ મુદ્દે ધારાસભ્યો વચ્ચે મારામારી

(સંપૂર્ણ સમાચાર સેવા)
જમ્મુ, તા.૯ : જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં ફરી એકવાર મોટો હોબાળો થયો છે. ભાજપ અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યો વચ્ચે વક્ફ સંશોધન કાયદા મુદ્દે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વિવાદ એટલી હદે વધી ગયો હતો કે, બંને પક્ષના નેતાઓ મારામારી પર ઉતરી આવ્યા હતા. બીજી બાજુ નેશનલ કોન્ફરન્સના ધારાસભ્યોએ પણ વક્ફ કાયદા વિરૂદ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા. એનસીના ધારાસભ્યોએ પણ વક્ફ કાયદા પર ચર્ચાની માગ કરતાં સદનમાં દેખાવો કર્યા હતા. નેશનલ કોન્ફરન્સે પણ વક્ફ કાયદા મુદ્દે ચર્ચાની માગ કરી છે. ભાજપે તેનો વિરોધ કરતાં હોબાળો મચ્યો હતો. જેના લીધે જમ્મુ-કાશ્મીર વિધાનસભા ત્રણ કલાક માટે સ્થગિત કરી દેવામાં આવી હતી વિધાનસભાની બહાર પ્રવેશ દ્વાર પર જ ભાજપ અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યો વચ્ચે ઝપાઝપી થઈ હતી. તેઓએ ધક્કા-મુક્કી અને મારામારી કરી હતી. ભાજપના નેતાઓએ છછ પર આરોપ મૂક્યો હતો કે, તેમણે વિધાનસભાની અંદર વિવાદાસ્પદ ટીપ્પણીઓ કરી હતી. જ્યારે AAPએ ભાજપ આરોપ લગાવ્યો હતો કે, તેઓએ હોબાળો કરતાં અમારા પર હુમલો કર્યો. ભાજપના ધારાસભ્યે જણાવ્યું હતું કે, તેઓ મીડિયા સાથે વાતચીત દરમિયાન હિન્દુઓ વિરૂદ્ધ અપમાનજનક ભાષાનો ઉપયોગ કરી રહ્યા હતાં. વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા પીડીપીના કાર્યકરોએ પણ મુફ્તી મોહમ્મદ સૈયદ પર વિવાદાસ્પદ ટીપ્પણી કરતાં તેમણે પણ AAP ના ધારાસભ્યો સાથે મારામારી કરી હતી. જ્યારે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય મેહરાજ મલિકે કહ્યું કે, આ લોકો મને જણાવશે કે, તેઓ બહાર તમાશો કેમ કરી રહ્યા હતા, ભાજપના લોકોએ હુમલો કર્યો હતો. ભાજપના ધારાસભ્ય વિક્રમ રંધાવાએ નિવેદન આપ્યું હતું કે, બે કોડીના ધારાસભ્ય હિન્દુઓને ગાળો આપશે, આજે તેમને બતાવવું પડશે. જ્યારે AAPના ધારાસભ્યે કહ્યું કે, હિન્દુ તિલક લગાવી દારૂ પીવે છે, ચોરી કરે છે. વક્ફ બિલ સંસદમાંથી પસાર થયા બાદ રાષ્ટ્રપતિની મહોર લાગતાં કાયદો બન્યો છે. જે ગઈકાલથી સત્તાવાર ધોરણે લાગુ પણ થયો છે. પરંતુ તેના વિરોધમાં રાજકારણની લડાઈ થંભી રહી નથી.

# કેદારનાથ હેલિકોપ્ટર સેવાનું બુકિંગ પાંચ મિનિટમાં ફુલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
કેદારનાથ, તા.૯ : ઉત્તરાખંડની ચારધામ યાત્રાની શરુઆત ૩૦ એપ્રિલથી થઈ રહી છે. જો કે, કેદારનાથ ધામના કપાટ ૨ મે ના રોજ ખુલી જશે. પરંતુ તેના માટે મંગળવારથી હેલીકોપ્ટર બુંકિગ સેવા શરુ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, શ્રદ્ધાળુઓને હેલિકોપ્ટરથી પણ દર્શન કરવા માટે કેદારનાથ લઈ જવામાં આવે છે. પરંતુ મહત્ત્વની વાત એ છે, જેવી હેલિકોપ્ટર બુકિંગ સેવાની શરુઆત થઈ તેની પાંચ જ મિનિટમાં ૩૫ હજાર ટિકિટ બુક થઈ ગઈ હતી.

પહેલીવાર ઉત્તરાખંડના પુષ્કર સિંહ ધામી સરકારે ''ઈઝ્રઝ એ હેલિકોપ્ટર ટિકિટ બુકિંગની જવાબદારી આપવામાં આવી છે. અત્યાર સુધી ટિકિટ ફક્ત હેલિકોપ્ટર કંપનીઓ પાસેથી જ બુકિંગ કરાવી શકાતી હતી. મંગળવારના રોજ ૧૨ વાગે હેલિકોપ્ટર બુંકિંગની સેવાની શરુઆત થઈ હતી અને ૧૨:૦૫ વાગ્યે સ્ક્રીન પર 'નો રૂમ' જોવા મળ્યું હતુ. એટલે કે તમામ ટિકિટો ૫ મિનિટમાં બુક થઈ ગઈ.

# મ્યાનમાર ભૂકંપમાં મૃત્યુઆંક ૩૫૦૦ને પાર, રેસ્ક્યુ ઓપરેશન પૂર્ણ

(સંપૂર્ણ સમાચાર સેવા)
બેંગકોક, તા.૯ : મ્યાનમારમાં ૨૮ માર્ચના રોજ આવેલા વિનાશક ભૂકંપમાંથી બચી ગયેલા લોકોને શોધવા માટે લાંબા સમયથી ચાલી રહેલા રેસ્ક્યુ ઓપરેશન્સ ૧૦ દિવસ પછી પૂર્ણ થયા છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધી ૩૫૦૦થી વધુ લોકોને મોત થઈ ચૂક્યા છે. ભૂકંપમાં ઘાયલ લોકો સારવાર હેઠળ છે અને મૃત્યુઆંક હજુ પણ વધી રહ્યો છે. મ્યાનમાર ફાયર સર્વિસ વિભાગે જણાવ્યું હતું કે બચાવ ટીમોએ મ્યાનમારના બીજા સૌથી મોટા શહેર મંડલેમાં એક ધરાશાયી થયેલી ઈમારતના કાટમાળમાંથી ૧૦ મૃતદેહો બહાર કાઢ્યા છે. એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, સિંગાપોર, મલેશિયા અને ભારતના ઈન્ટરનેશનલ રેસ્ક્યુઅર્સ શોધ અને બચાવ કામગારી પૂર્ણ કર્યા બાદ તેમના દેશોમાં પરત ફર્યા છે. ઉલ્લેખનીય છે કે, ૭.૭ની તીવ્રતાનો ભૂકંપ દેશના વિશાળ ભાગમાં આવ્યો હતો, જેના કારણે છ પ્રદેશો અને રાજ્યોમાં નોંધપાત્ર નુકસાન થયું હતું. રાજધાની નાયપીતાવના રહેણાંક વિસ્તારોમાં કાર્યરત બચાવ ટીમોની સંખ્યા સતત ઘટી રહી છે. અહીં લોકોએ ઝરમર વરસાદ વચ્ચે કાટમાળ સાફ કર્યા હતો.

# અન્ય સમાચારો

## પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સમાં ગુજરાત દેશમાં ટોચ પર

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા.૯ :** ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા પ્રથમ પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ (PAI) ૨૦૨૨-૨૩માં ગુજરાત ફરી એકવાર ટોચે રહ્યું છે. આ ઈન્ડેક્સ હેઠળ, દેશના ૨૯ રાજ્યોની ૨.૧૬ લાખ ગ્રામપંચાયતોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતની ૩૪૬ ગ્રામપંચાયતોને 'ફ્રન્ટ રનર' કેટેગરીમાં સ્થાન આપવામાં આવ્યું છે, જે દેશમાં સૌથી વધુ છે. ટોચનું પ્રદર્શન કરનાર રાજ્યોની યાદીમાં ગુજરાત પછી તેલંગણાની ૨૭૦ ગ્રામ પંચાયતો બીજા સ્થાને અને ત્રિપુરાની ૪૨ ગ્રામ પંચાયતો ત્રીજા સ્થાને છે. રાજ્ય સરકારના દાવા મુજબ, આ સિદ્ધિ સાથે ગુજરાત, દેશના અન્ય રાજ્યો માટે એક રાષ્ટ્રીય માપદંડ સ્થાપિત કરે છે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગ્રામીણ પરિવર્તન પ્રત્યેની રાજ્યની મજબૂત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ (PAI) એ ભારત સરકાર દ્વારા ડેટા-આધારિત શાસન સંચાલિત કરવા તેમજ ગ્રામ્ય સ્તરે ૧૭ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs) એટલે કે ટકાઉ વિકાસ લક્ષ્યાંકો હાંસલ કરવાને પ્રોત્સાહન આપવા માટેની એક સીમાચિહ્નરૂપ પહેલ છે. આ ઈન્ડેક્સ હેઠળ મૂલ્યાંકન માટે, ગરીબીમાં ઘટાડો, આરોગ્ય, શિક્ષણ, પર્યાપ્ત પાણી પુરવઠો, સ્વચ્છ પર્યાવરણ, માળખાગત સુવિધા, સામાજિક ન્યાય, શાસન અને મહિલા સશક્તિકરણ જેવા નવ મહત્વપૂર્ણ થીમોમાં ૪૩૫ જેટલા યુનિક સ્થાનિક સૂચકાંકોનો ઉપયોગ કરવામાં આવે છે.

---

राष्ट्रीय फैशन प्रौद्योगिकी संस्थान, दमन

**National Institute of Fashion Technology, Daman**
(Ministry of Textile, Government of India)

NIFT Campus, Block 5 & 6, Govt. Engineering College Campus, Mota Falia, Varkund, Nani Daman, Daman - 396210

09/04/2025 /ADVT NO-
19056 (02 26)/NIFT-DMN/ESST/2025/GRP A/SHORT TERM CONTRACT

**VACANCY FOR GROUP A POST (Short Term Contract)**

NIFT Daman invites applications for the Assistant Professor on the short-term contract. Last date for the submission of application form: 26th April 2025. The details are as below: -

| S. No | Name of Post | No of Post | Competency Code |
|---|---|---|---|
| 1 | Assistant Professor (MFM) | 3 | J1/J2/J3/J4/J5 |
| 2 | Assistant Professor (TD) | 3 | A4/C/A6 |

For detailed information regarding eligibility criteria, qualifications, and application instructions, please visit our website at www.nift.ac.in/daman.

**Careers Department**
**NIFT, Daman**

---

### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, વાપી (ગ્રામ્ય)ની કોર્ટમાં, મુ. બલીઠા**

જન્મ-મરણ કેસ નં.૨૩/૨૦૨૫

**અરજદાર : સંગીતાબેન ચંદુભાઈ હળપતિ**
**રહે.** તળાવ ફળિયા, દેગામ, વાયા કરાયા, તા.વાપી, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,દેગામ, તા.વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **જલીબેન છનાભાઈ હળપતિ**નું મરણ તા.૧૯/૦૯/૨૦૦૯ના રોજ મોજે દેગામ, તા.વાપી, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત દેગામના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામ પંચાયત દેગામને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામ પંચાયત કચેરી દેગામ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૫/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, વાપી (ગ્રામ્ય)**
**તા.વાપી, જી.વલસાડ**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૪૧/૨૦૨૪

**અરજદાર : ગણપતભાઈ રઘુભાઈ આરજ**
**રહે.** ભાઠી કરમબેલી, કાચપાડા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. મિલન આર. પટેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભાઠી કરમબેલી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ગણપતભાઈ રઘુભાઈ આરજ** રહે. ભાઠી કરમબેલી, કાચપાડા તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદી **રામીબેન રામજીભાઈ આરજનું** મરણ તા.૨૫-૦૨-૧૯૯૦ના રોજ મોજે - ભાઠી કરમબેલી, કાચપાડા તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૪૧/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૮૯/૨૦૨૫

**અરજદાર : અસ્પિ બમનશા વાડીયાના પાવર ઓફ એટર્ની હોલ્ડર તરીકે મેહેર ફરોખ દારૂવાલ્લા**
**હાલ રહે.** દુબાસ બિલ્ડીંગ, ત્રીજા માળે, કાશીનાથ રોડ, એ.સી. માર્કેટ પાસે, તારદેઓ, તુલસીવાડી, મુંબઈ, મહારાષ્ટ્ર-૭૦૦૦૭૯
મૂળ રહે. નારગોલ, કસ્તુરબા રોડ, તા.ઉમરગામ, જી.વલસાડ
**(વ.શ્રી. મિલન આર. પટેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, નારગોલ**
**ગ્રામ પંચાયત કચેરી, નારગોલ**
**તા.ઉમરગામ, જી.વલસાડ - ૩૯૬૧૫૦**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અસ્પિ બમનશા વાડીયાનાં પાવર ઓફ એટર્ની હોલ્ડર તરીકે મેહેર ફરોખ દારૂવાલ્લા** હાલ રહે. દુબાસ બિલ્ડીંગ ત્રીજા માળે, કાશીનાથ રોડ, એ.સી. માર્કેટ પાસે, તારદેઓ, તુલસીવાડી, મુંબઈ, મહારાષ્ટ્ર - ૪૦૦૦૭૯ મૂળ રહે. નારગોલ, કસ્તુરબા રોડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના કાકા **સ્વ. જાલેજર પેસ્તમજી વાડીયાનું** મરણ તા.૨૦-૧૨-૧૯૮૪ના રોજ મોજે - નારગોલ, કસ્તુરબા રોડ તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૮૯/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૪૦/૨૦૨૪

**અરજદાર : ગણપતભાઈ રઘુભાઈ આરજ**
**રહે.** ભાઠી કરમબેલી, કાચપાડા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. મિલન આર. પટેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, ભાઠી કરમબેલી**
**ગ્રામ પંચાયત કચેરી, ભાઠી કરમબેલી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ગણપતભાઈ રઘુભાઈ આરજ** રહે. ભાઠી કરમબેલી, કાચપાડા તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના ફોઈ **માંદુબેન વનશાભાઈ હાડલનું** મરણ તા.૧૦-૦૩-૨૦૦૩ના રોજ મોજે - ભાઠી કરમબેલી, કાચપાડા તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૪૦/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૪૨/૨૦૨૪

**અરજદાર : ગણપતભાઈ રઘુભાઈ આરજ**
**રહે.** ભાઠી કરમબેલી, કાચપાડા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. મિલન આર. પટેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી ભાઠી કરમબેલી**
**ગ્રામ પંચાયત કચેરી, ભાઠી કરમબેલી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ગણપતભાઈ રઘુભાઈ આરજ** રહે. ભાઠી કરમબેલી, કાચપાડા તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદા **રામજીભાઈ જમનાભાઈ આરજનું** મરણ તા.૧૫-૧૧-૧૯૯૫ના રોજ મોજે - ભાઠી કરમબેલી, કાચપાડા તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૪૨/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૭૯/૨૦૨૪

**અરજદાર : રોમાબેન વાલ્મીકીભાઈ માછી**
**રહે.** ઉમરગામ, પાવર હાઉસ, વારલીવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ -૩૯૬૧૭૦ **(વ.શ્રી. મિલન આર. પટેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, પળગામ**
**ગ્રામ પંચાયત કચેરી, પળગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રોમાબેન વાલ્મીકીભાઈ માછી** રહે. ઉમરગામ, પાવર હાઉસ, વારલીવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના નાની **જમુબેન શોનીયા માછીનું** મરણ તા.૧૭-૦૮-૧૯૯૪ના રોજ મોજે - પળગામ તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૭૯/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૯/૨૦૨૫

**અરજદાર : લતાબેન કમુભાઈ રડિયા**
**રહે.** હુમરણ, વાનીયા ફળિયા, શિવ મંદિર
તા.ઉમરગામ, જી.વલસાડ -૩૯૬૧૫૦ **(વ.શ્રી. મિલન આર. પટેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, હુમરણ**
**ગ્રામ પંચાયત કચેરી, હુમરણ**
**તા.ઉમરગામ, જી.વલસાડ-૩૯૬૧૫૦**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **લતાબેન કમુભાઈ રડિયા** રહે. હુમરણ, વાનીયા ફળિયા, શિવ મંદિર તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્રી **રીનાબેન કમલુભાઈ રડિયાનું** જન્મ તા.૦૧-૦૧-૧૯૯૪ના રોજ મોજે - હુમરણ, વાનીયા ફળિયા, શિવ મંદિર તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૯/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૬૮/૨૦૨૫

**અરજદાર : માસ્માર માલજીભાઈ વિનુભાઈ**
**રહે.** ૧૪૮૮, સેલવાસ રોડ, તળાવપાડા, ભીલાડ
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. મિલન આર. પટેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી ભીલાડ**
**ગ્રામ પંચાયત કચેરી, ભીલાડ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **લક્ષ્મણભાઈ રવીયાભાઈ ધોડી** રહે. ૧૪૮૮, સેલવાસ રોડ, તળાવપાડા, ભીલાડ તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **શુકરીબેન વિનુભાઈ માસમારનું** મરણ તા.૧૮-૦૩-૧૯૮૮ના રોજ મોજે - ભીલાડ તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૬૮/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૩૪/૨૦૨૪

**અરજદાર : મેમણ રોસન મુસાભાઈ**
**રહે.** ૧૭૨, નારગોલ રોડ, સંજાણ
તા.ઉમરગામ, જી.વલસાડ -૩૯૬૧૫૦ **(વ.શ્રી. મિલન આર. પટેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, સંજાણ**
**રહે. ગ્રામ પંચાયત કચેરી, સંજાણ**
**તા.ઉમરગામ, જી.વલસાડ-૩૯૬૧૫૦**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મેમણ રોસન મુસાભાઈ** રહે. ૧૭૨, નારગોલ રોડ, સંજાણ તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્રી **મેમન મુસ્કાન અલ્લારખાનું** જન્મ તા.૦૩-૦૧-૨૦૦૪ના રોજ મોજે - સંજાણ, સંજાણ બંદર તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૩૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૩૫/૨૦૨૪

**અરજદાર : મેમણ રોસન મુસાભાઈ**
**રહે.** સંજાણ બંદર
તા.ઉમરગામ, જી.વલસાડ -૩૯૬૧૫૦ **(વ.શ્રી. મિલન આર. પટેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, સંજાણ**
**ગ્રામ પંચાયત કચેરી, સંજાણ**
**તા.ઉમરગામ, જી.વલસાડ-૩૯૬૧૫૦**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મેમણ રોસન મુસાભાઈ** રહે. સંજાણ બંદર તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્ર **મેમણ અલ્લારખા મુશાભાઈનું** જન્મ તા.૦૧-૦૬-૧૯૮૦ના રોજ મોજે - સંજાણ, સંજાણ બંદર તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૩૫/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૪૩/૨૦૨૪

**અરજદાર : શૈલેશભાઈ શુક્કરભાઈ ડોભરીયા**
**રહે.** નંદીગામ, હાડળપાડા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. મિલન આર. પટેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી નંદીગામ**
**ગ્રામ પંચાયત કચેરી, નંદીગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **શૈલેશભાઈ શુક્કરભાઈ ડોભરીયા** રહે. નંદીગામ, હાડળપાડા તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદા **વનસાભાઈ શિડવાભાઈ ડોભરીયાનું** મરણ તા.૦૫-૦૪-૧૯૭૯ના રોજ મોજે - નંદીગામ, હાડળપાડા તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૪૩/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---
















Thursday 10, April 2025

# દમણગંગા ટાઇમ્સ




## ટાંકલ પાસે રાત્રે બાઈક સ્લીપ થતાં યુવકનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૯ :** ચીખલી તાલુકાના ટાંકલ ગામે એક મોટરસાયકલ ઉપર સવાર બે યુવાનોની મોટરસાયકલ સ્લીપ થઈ જતાં એક યુવાનને છાતીના ભાગે ગંભીર ઈજા થતાં મોત નીપજ્યું હોવાની ઘટના ચીખલી પોલીસ મથકે નોંધાવા પામી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના ગણદેવાથી ટાંકલ તરફ જતાં જાહેર માર્ગ ઉપર રાત્રિના સમયે દેવાંગભાઈ ધીરુભાઈ હળપતિ ઉ.વ.૧૯ અને તુષારભાઈ સુરેશભાઈ હળપતિ બંને રહે. સોનવાડી પિસ્તાલીસ ગાળા તા.ગણદેવી જેવો પોતાની મોટરસાયકલ નંબર જીજે ૦૫ પીએન ૦૪૮૭ લઈને મિત્રના લગ્નમાં વહેવલ ગામે જતાં હતાં તે દરમિયાન પોતાની કેટીએમ મોટરસાયકલ પૂરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી વણાક પાસે મોટરસાયકલ સ્લીપ થઈ જઇ ઝાડ સાથે અથડાતાં દેવાંગભાઈ ધીરુભાઈ હળપતિને છાતીના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન કરુણ મોત નીપજવા પામ્યું છે. જ્યારે તુષાર સુરેશ હળપતિને શરીરે ઈજા થતા જેનો જીવ બચી ગયો છે. બનાવ અંગેની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઇ એચએસ પટેલ કરી રહ્યા છે.

## દમણમાં આદિવાસી સમાજના ત્રીજા સમૂહ લગ્ન યોજાશે



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા.૦૯ :** દમણ જિલ્લા આદિવાસી સમાજ દ્વારા ત્રીજા સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવશે. આ અંગે આદિવાસી સમાજના આગેવાનો પ્રશાસક પ્રફુલ પટેલને મળ્યા હતાં.

દમણ જિલ્લા આદિવાસી સમાજના પ્રમુખ ધીરૂભાઈ ધોડી, ભાવિક હળપતિ અને અન્ય સભ્યોએ સંચાલકને આમંત્રણ આપ્યું હતું. ૨૦મી એપ્રિલે સમૂહલગ્નનું આયોજન કરવામાં આવશે. ભેંસલોરના સોમનાથ ભવનમાં સવારે લગ્નની વિધિ શરૂ થશે. આ વખતે કુલ ૨૧ યુગલો લગ્નના બંધનમાં બંધાશે. ૨૦મી એપ્રિલે બપોરે ૨:૦૦ વાગ્યે હેન્ડશેક થશે.

### દક્ષિણ ડાંગ વન વિભાગ હસ્તકની ચિચીનાગાવઠા રેંજનાં પીંપરી રાઉન્ડ ફોરેસ્ટ

## ડાંગના દાવદહાડ જંગલમાં ભીષણ આગ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૦૯ :** દક્ષિણ ડાંગ વન વિભાગ હસ્તકનાં ચિચિનાગાવઠા રેન્જનાં પીંપરી રાઉન્ડ ફોરેસ્ટમાં સમાવિષ્ટ દાવદહાડ ગામ નજીકનાં જંગલમાં બુધવારે સાંજનાં સુમારે ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી હતી.આ આગના કારણે અફરા તફરીનો માહોલ સર્જાયો હતો.જેમાં સૂકુ ઘાસ અને પાંદડા બળીને ખાખ થઈ ગયાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. દક્ષિણ ડાંગની ચિચીનાગાવઠા રેંજનાં પીંપરી રાઉન્ડ ફોરેસ્ટનાં દાવદહાડ પી.એફ કંપાર્ટમેન્ટ નંબર ૬૧માં આજરોજ મોડી સાંજે અચાનક દવ ભભૂકી ઉઠ્યો હતો.અહી પિંપરી રાઉન્ડ ફોરેસ્ટના દાવદહાડ ગામની સીમમાં આવેલા જંગલમાં અચાનક દવ લાગ્યાની જાણ ચિચીનાગાવઠા રેંજનાં આર.એફ.ઓ. ગણેશભાઈ ભોયેની ટીમને થતા વનકર્મીઓની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી.અને આગને કાબુમાં લેવા માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યુ હતુ.અહી વિકરાળ આગે સૂકા ઘાસ તથા ઝાડી ઝાંખરાને લપેટમાં લઈ લીધા હતા.જોકે, ગરમી અને સૂકા પર્ણોના કારણે આગ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહી હોવાથી વનકર્મીઓને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.સાથે આગને બુઝાવવા માટે સ્થાનિક લોકોની પણ મદદ લેવામાં આવી હતી.ચિચીનાગાવઠા રેંજનાં કર્મીઓએ મોડી સાંજે દવ પર કાબુ મેળવી લીધો હતો.આ અંગે દક્ષિણ ડાંગ હસ્તકની ચિચીનાગાવઠા રેંજનાં આર.એફ.ઓ ગણેશભાઈ ભોયેએ જણાવ્યું હતુ કે દાવદહાડ જંગલ વિસ્તારમાં દવ લાગ્યો હતો.જેની જાણ થતાની સાથે જ વનકર્મીઓની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી.અને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી દવને કાબુમાં લેવા માટે પ્રયત્નો હાથ ધર્યા હતા. હાલમાં કલાકોની જહેમત બાદ વનકર્મીઓએ આ દવને કાબુમાં લઈ લીધો છે.જેથી નુકસાન ઘટયું છે.

### વાપી તાલુકાને સરકારી પુસ્તકાલયનો લાભ ક્યારે મળશે ?

## ધરમપુરમાં સરકારી તાલુકા પુસ્તકાલયનું લોકાર્પણ






**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૯ :** નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે જિલ્લા પંચાયત વલસાડ તથા તાલુકા પંચાયત ધરમપુરના સંયુક્ત ઉપક્રમે ૧૫ માં નાણાપંચ અને વિવિધ ગ્રાન્ટમાંથી રૂ. ૧.૧૫ કરોડના ખર્ચે ૪૦૧.૫ ચો.મી.માં નવનિર્મિત સરકારી તાલુકા પુસ્તકાલય ધરમપુરનું તકતી અનાવરણ કરી વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું. મંત્રીએ સમગ્ર લાઈબ્રેરી ભવનની મુલાકાત લઈ સુવિધાઓની સમીક્ષા કરી હતી. સાથે સાથે મંત્રીના હસ્તે લાઈબ્રેરી મેમ્બરશીપ કાર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રીએ અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આ લાયબ્રેરી ભવનમાં ઈ-લાયબ્રેરી શરૂ કરવાની વ્યવસ્થા પણ ચોક્કસ કરવામાં આવશે. અહીં જુદા જુદા વિષયના અભ્યાસુઓને બોલાવી વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે મુખ્યમંત્રી બન્યા ત્યારે આદિવાસીઓના વિકાસ માટે વનબંધુ યોજનાની શરૂઆત કરી હતી. સ્પીપામાં સ્પર્ધાત્મક પરીક્ષાઓના ક્લાસીસની પણ શરૂઆત કરાવી હતી. આ યોજનાઓને કારણે આજે આદિવાસી વિદ્યાર્થીઓ સારો અભ્યાસ કરી મેડિકલ સહિતના ક્ષેત્રમાં એડમિશન લે છે. જે સીટો પહેલા ખાલી રહેતી હતી તે આજે સંપૂર્ણ ભરાય જાય છે.મંત્રીશ્રીએ જિલ્લા પંચાયત પ્રમુખને ગ્રાન્ટની ફાળવણી બદલ તેમજ જિલ્લા વહીવટી તંત્રને દરેક જાહેર કાર્યમાં સહયોગ બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ પારડી અને ઉમરગામ તાલુકાની લાયબ્રેરીનું કાર્ય પણ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આ લાયબ્રેરી ભવનમાં ૭૨થી વધુ વાચકો વાંચન કરી શકે તેવી બેઠક વ્યવસ્થા, સિનિયર સિટિઝન માટે અલાયદો ખંડ, ગ્રંથ ભંડાર, આપ-લે વિભાગ, સામયિક વિભાગ તેમજ દૈનિક પત્રના વિભાગની સુવિધા ઉપલબ્ધ છે. સૌપ્રથમ ૧૯૮૨માં શરૂ થયેલા આ પુસ્તકાલયમાં હાલ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી, નવલકથા, બાળ સાહિત્ય, સંદર્ભ સાહિત્ય સહિત વિવિધ સાહિત્યના ૧૯૮૮૨ જેટલા પુસ્તકો ઉપલબ્ધ છે. આ લાયબ્રેરી ભવનના નિર્માણથી વિસ્તારના વિદ્યાર્થીઓ સહિત આમ જનતાને વાંચન માટેની સુંદર સુવ્યવસ્થિત સુવિધાઓ પ્રાપ્ત થશે. નવા લાયબ્રેરી ભવનના લોકાર્પણની શુભેચ્છા પાઠવતા ધરમપુર ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકએ. કે. કલસરિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

## વાપીમાં ભાજપનું સદસ્ય સંમેલન યોજાયું

### વન નેશન વન ઈલેકશન વિધેયક સર્વાનુમત્તે પસાર કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૯ :** ભારતીય જનતા પાર્ટીના ૪૬માં સ્થાપના દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવાની સૂચના અને માર્ગદર્શન મુજબ વાપી જયરિસર્ચ સેન્ટર ખાતે પારડી વિધાનસભા સક્રિય સદસ્ય સંમેલન આયોજન વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ હેમંતભાઈ કંસારાના અધ્યક્ષ સ્થાને, પારડીના વિધાનસભા ધારાસભ્ય ગુજરાત સરકારના નાણાં, ઉર્જા, પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબીનેટ મંત્રી આદરણીય કનુભાઈ દેસાઈ,વલસાડ જિલ્લા ભાજપના પ્રભારી મહેન્દ્રભાઈ પટેલ વિશેષ ઉપસ્તીથીમાં યોજાયો હતો, કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ દ્વારા વિશેષ વક્તા તરીકે નિયુક્ત ઉધનાના પુર્વ ધારાસભ્ય વિવેકભાઈ પટેલે ઉપસ્થિત સહુને વિગતવાર માર્ગદશન આપ્યું હતું, આ તબક્કે જનસંઘના પીઢ કાર્યકર્તા જવાહરભાઈ દેસાઈનું વિશેષ સન્માન કરવમાં આવ્યું હતું. કાર્યક્રમ માં વન નેશન વન ઈલેક્શનના ઇન્ચાર્જ વિઠ્ઠલભાઈ પટેલ દ્વારા વિધેયક રજૂ કર્યું હતું જેને ઉપસ્થિત તમામ લોકોએ અનોમદન આપ્યું હતું કાર્યક્રમ ના મુખ્ય વક્તા તરીકે ઉધના ના પુર્વ ધારાસભ્ય વિવેકભાઈ પટેલે જનસંઘ સમયના સંઘર્ષો ની વાત કરી હતી.

પારડીના ધારાસભ્ય અને ગુજરાત સરકારના નાણાં, ઉર્જા, પેટ્રોકેમિકલ્સ વિભગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈએ પારડી સક્રિય સદસ્ય સંમેલનમાં ઉપસ્થિત સહુને એમનું પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. આ તબક્કે વાપી અને પારડી તાલુકાના ભારતીય જનતા પાર્ટી સંગઠનના હોદ્દેદારો, સક્રિય સભ્યો, જિલ્લા સંગઠનના હોદેદારો, વિવિધ મંડળોના પુર્વ પ્રમુખઓ, વિવિધ મોરચાના હોદેદારો, જિલ્લા, તાલુકા પંચાયતના સભ્યો, વાપી નગરપાલિકાના પુર્વ સભ્યો, મોટી સંખ્યામાં સક્રિય સદસ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

## ડાંગના ભવાનદગઢમાં પોલીસકર્મી પત્ની પર શંકાથી પતિએ કુહાડી ઝીંકી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૦૯ :** ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં ભવાનદગડ ગામ ખાતે શક - વ્હેમ રાખી મહિલા જીઆરડી પર પતિએ કુહાડી વડે હુમલો કર્યો હતો.જેમાં મહિલા ગ્રઝ જવાનને જમણા ખભા પર ગંભીર ઈજા પહોંચતા તેણીને તાત્કાલિક ધોરણે આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.આહવા ખાતે ગ્રામ રક્ષક દળ તરીકે ફરજ બજાવતી રંજીતાબેન સંજયભાઈ પવાર (ઉ. વ.૨૭ રહે. ભવાનદગડ તા. આહવા જી.ડાંગ મૂળ રહે. પિંપરી તા.આહવા જી.ડાંગ) પર તેના જ પતિ દ્વારા હુમલો કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. પતિ સંજયભાઈ સોનીરાવ ભાઈ પવાર (ઉ. વ.૩૭) એ પોતાની પત્ની રંજીતા બીજા પુરુષ સાથે મોબાઈલમાં વાતચીત કરતી હોય તેવો શક વહેમ રાખી પિંપરીથી ભવાનદગડ ગામે બસ સ્ટેશન પાસે આવી અચાનક પોતાની પત્ની ઉપર કુહાડીથી જમણા ખભા ઉપર હુમલો કર્યો હતો. જેમાં જી.આર.ડી મહિલા રણજીતાબેનને જમણા ખભાનાં ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. તેમજ પતિ સંજય દ્વારા તેણીને ઢીક્કા પાટુનો માર પણ મારવામાં આવ્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. આ બનાવમાં મહિલા જીઆરડી ને ગંભીર ઈજા પહોંચતા તેણીને તાત્કાલિક ધોરણે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.તેમજ આ હુમલા ને પગલે મહિલા જીઆરડીએ પતિ વિરુદ્ધ આહવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.હાલમાં આહવા પોલીસે આ અંગેનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મોટી તંબાડીથી દારૂ ભરેલ કન્ટેનર ઝડપાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૯ :** વાપી નજીકના મોટી તંબાડી ગામેથી એલસીબી પોલીસે બાતમીના આધારે પૂઠાના પાઇપની આડમાં બંધ કન્ટેનરમાં દારૂનો જથ્થો ઝડપી પાડ્યો પરંતુ ચાલક અને બુટલેગર ફરાર થઈ ગયો હતો.

આધારભૂત સૂત્ર દ્વારા મળતી માહિતી મુજબ આજે વલસાડ જિલ્લા પોલીસ વડાની સૂચના અને માર્ગદર્શન હેઠળ એલસીબી પોલીસની ટીમ વાપી તાલુકા પંથકમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતાં તે દરમિયાન કોન્સ્ટેબલ તેજપાલ સિંહને બાતમી મળી હતી કે સેલવાસથી એક કન્ટેનરમાં મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો કરીને ગુજરાતમાં લવાઈ રહ્યો છે. આથી એલસીબી પોલીસે વાપી તાલુકાના મોટી તંબાડી ગામે આવેલ દેસાઈ ફળિયા ખાતે વોચ રાખી સામેથી આવતું કન્ટેનર નંબર જીજે ૧૫ એટી ૨૩૩૭ને રોકી લીધું પરંતુ ચાલક ફરાર થઈ ગયો હતો. જોકે એલસીબી પોલીસે કન્ટેનરમાં તપાસ કરતા પુઠાના પાઈપની આડમાં સંતાડીને લઈ જવા તો ૨૬૯ બોક્ષમાં દારૂની બોટલ નંગ ૬૨૭૬ જેની કિંમત રૂપિયા ૬,૯૯,૬૦૦ તેમજ દસ લાખ રૂપિયાનું કન્ટેનર અને ૩.૮૦ લાખનો પૂઠાના પાઈપ મળી કુલ્લે ૨૦ લાખ ૮૦ હજાર ૨૨૨૬ રૂપિયાનો મુદ્દા માલ કબજે કરી કન્ટેનરના ચાલક તેમજ માલિક સામે ગુનો નોંધી વધુ તપાસ વલસાડ જિલ્લા પોલીસ કરી રહી છે.

## વઘઈના ભવાડીમાં બાળકના મુદ્દે પતિ-પત્ની વચ્ચે બબાલ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા. ૦૯ :** ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકાનાં ભવાડી ગામ ખાતે થોડા દિવસ અગાઉ પતિ પત્ની વચ્ચે ઝઘડો થયો હતો.જે બાદ પત્ની રિસાઈને પોતાના પિયર જતી રહી હતી. પરંતુ હાલમાં પત્ની સાસરીમાં પોતાના બાળકને મળવા માટે આવી હતી.પરંતુ પતિએ બાળકને મળવા ન દેતા ફરીથી પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં પતિએ પોતાની પત્નીને અપશબ્દ બોલી માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.આશરે પાંચેક વર્ષ પહેલા આહવાના રાણી ફળિયાની કણિકાબેન અને ભવાડી ગામના વિજય સુકીરાવ પવાર વચ્ચે પ્રેમ સબંધ થયેલ હતો.અને ભવાડી ગામે પતિ-પત્ની તરીકે રહેતા હતા.ત્યારે લગ્નજીવનમાં તેમને સંતાનમાં એક દિકરો જેનુ નામ પ્રિન્સ(ઉ. વ.૩) છે. આશરે એકાદ વર્ષ પહેલા પતિ વિજય સાથે ઘરકામ બાબતે કણિકાનો ઝઘડો થયેલ હતો. જેથી કણિકાબેન પોતાના પીયરમાં પિતાજીના ત્યાં જતી રહેલ હતી. અને કણિકાબેન પિતાજીના ઘરે જ રહેતી હતી. અને તેણીની સાથે ઝઘડો તકરાર કરવા લાગ્યો હતો. તેમજ ગાળાગાળી કરી એકદમ ઉશ્કેરાઈ જઈ કણિકાબેનને ઢીકા પાટુનો તેમજ વાંસના ડંડા વડે માર મારવા લાગેલ હતો.




## સાપુતારા-વઘઈ માર્ગનાં બે સ્થળોએ પાંચ વાહનો અથડાતા અકસ્માત સર્જાયા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૦૯ :** પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ વઘઈ તરફથી છાણીયા ખાતરનો જથ્થો ભરી નાસિક તરફ જઈ રહેલ ટ્રક.ન.એમ.એચ.૧૮.બી.જી.૦૯૮૬ જેનુ વઘઈથી સાપુતારાને જોડતા આંતરરાજય ધોરીમાર્ગનાં સાકરપાતળ ગામ નજીકનાં કુંડા ફાટક પાસે અચાનક ટાયર ફાટતા સામેથી આવી રહેલ મહિન્દ્રા પિકઅપ ગાડી નં.એમ.એચ.૧૪ ટીસીને અડફેટમાં લઈ ધડાકેભેર ભટકાઈ હતી.અહી સ્થળ પર નવી નકોર મહિન્દ્રા પિકઅપ ગાડીની પાછળ અન્ય પિકઅપ ગાડી નં. જીજે ૧૫ વાયવાય ૫૪૨૦ તથા મહિન્દ્રા જીપ નં. જીજે ૧૫ સી ૭૪૪૯ પણ આવતી હોય જેથી એક જ સ્થળે ચાર જેટલા વાહનો એકબીજા સાથે ભટકાતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અહી સ્થળ પર નવી નકોર મહિન્દ્રા પિકઅપ ગાડીને જંગી નુકસાન થયુ હતુ.આ બનાવમાં નવી નકોર મહિન્દ્રા પિકઅપ ગાડીનાં ચાલકને શરીરનાં ભાગે ગંભીર ઈજાઓ પોહચતા તેને તાત્કાલીક સારવારનાં અર્થે નજીકની સાકરપાતળ પી.એચ.સી ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. અહી ત્રણ જેટલા વાહનોનાં ચાલક સહીત પેસેન્જરોનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.જયારે બીજા બનાવમાં સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા-માલેગામ ઘાટમાર્ગમાં માલસામાનનો જથ્થો ભરેલ આઈસર ટેમ્પો પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આજરોજ મહારાષ્ટ્રનાં પુણે તરફથી ડિઝાઇન પેપરનાં જથ્થાનો માલસામાન ભરી રાજકોટ તરફ જઈ રહેલ આઈસર ટેમ્પો નં. જીજે ૩૮ ટી ૮૦૮૭ જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાંસાપુતારા માલેગામ ઘાટમાર્ગમાં ચાલક દ્વારા અચાનક સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવી દેતા સ્થળ પર આઈસર ટેમ્પો માર્ગની સાઈડમાં પલ્ટી મારી જતા ગંભીર અકસ્માત સર્જાયોહતો.આ અકસ્માતનાંબનાવમાં ચાલક અને ક્લીનરને નજીવી ઈજાઓ પોહચવાની સાથે તેઓનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.આ બન્ને બનાવ સંદર્ભે પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**